SHREE SWAMINARAYAN

श्री स्व[illegible]रायण

NOVEMBER 20



પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1

નિવૃત આચાર્ય પ.પૂ.ધ.ધુ.શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા વર્તમાન આચાર્ય
પ.પૂ.ધ.ધુ.શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના નૂતનવર્ષના શુભાશિષ

His Holiness Acharya Maharaj
Shri Koshalendraprasadji Pande

દીપાવલી.
નૂતનવર્ષ - સં. ૨૦૬૨

દેશ/વિદેશમાં વસતા, સર્વાવતારી સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણના ઇષ્ટ આશ્રયયુક્ત સૌ સત્સંગીઓને નૂતનવર્ષ અને દીપાવલીના મંગળ પર્વ પ્રસંગે, શ્રી હરિએ સ્વયં સ્વહસ્તે હાથમાં લઈ પધરાવેલ પોતાનું જ સ્વરૂપ એવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવ ચરણકમળ સમીપથી અમારા રૂડા શુભાશીર્વાદ સહ મંગળ શુભકામનાઓ પાઠવીએ છીએ.

આપનું નૂતનવર્ષ દરેક પ્રકારે શુભ અને મંગળમય નીવડે - વિશેષ ભજનભક્તિ ભાવ અને શ્રી હરિની આજ્ઞાઓ પાળવામાં વિશેષ શક્તિ દે તેવી પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં નમ્ર પ્રાર્થના સહ

શુભાશીર્વાદ સહ

Shree Swaminarayan Temple Ahmedabad 380 001 Phone: (079) 22133835, 22132170, 22136818 Fax: (079) 22176992
Resi : Shree Swaminarayan Bagh Ahmedabad 380 052 Phone : (079) 27478070 Fax : (079) 27452145

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ નવેમ્બર - ૨૦૦૫



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	આશીર્વચન	૪
૪.	શ્રી રામાનુજાચાર્ય	૫
૫.	વાત છે અસીમ શ્રધ્ધાની !	૮
૬.	ભક્તિ	૯
૭.	શ્રીહરિ વ્યાપક સર્વત્ર સમાન	૧૧
૮.	સાચું સુખ સત્સંગના સગપણમાં	૧૩
૯.	સત્સંગનો ખપ	૧૫
૧૦.	હું ભગવાન હઈશ તો કોઈની નસકોરી નહિ ફુટવા દઉં	૧૬
૧૧.	શ્રી સ્વામિનારાયણ ભગવાનની આરતીની સંક્ષિપ્ત સમજણ	૧૮
૧૨.	માયિક વસ્તુનું બંધન રાખવું નહિ	૨૦
૧૩.	સત્સંગ સુરભિ : "ભવજળના દોણાંનો કાંઠો હરિએ હાથ ઝાલ્યો"	૨૧
૧૪.	સત્સંગ બાલવાટિકા (૧) ખાટી છાશ એટલે ? (૨) નમ્યો એ સહુને ગમ્યો	૨૪
૧૫.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૬

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રથમના ૩૮માં વચનામૃતમાં વાત કરી છે. "જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું, અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી.' એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી. અને એમ વિચારે નહિ ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહિ. જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચૂકવી દઈએ, તો તે દેતાં કઠણ ન પડે. અને વરસ દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે, તેમ નિરંતર વિચાર કરવો."

મનની વાસના ટાળવા સત્સંગ નિરંતર કરવો. ભગવાન શ્રીહરિ કહે છે કે "પાણીનો મોટો ધરો ભરવો હોય તો કોઈ આજે બે ઘડા પાણી ઢોળી આવે. બે ત્રણ દિવસ પછી બે ત્રણ ઘડા પાણી ઢોળી આવે. તો તેણે કરીને પાણીનો ધરો ભરાય નહિ. કેમ કે આગલા દિવસનું પાણી તે જ દિવસે સુકાઈ જાય છે અને પછીનું પાણી પણ તેવી જ રીતે સુકાઈ જાય છે. માટે ધરો ભરવો જ હોય તો નાની સરખી હાથની આંગળી જેવી પાણીની સેર્ય સતત વહેતી હોય તો ઘણા દિવસે પણ પાણીનો ધરો ભરાય જાય. તેમ સત્સંગ નિરંતર કરવો. કેમ કે અંગારામાં ઝળહળતો અગ્નિ છે જ પણ તેને વાયુનો યોગ ન થાય તો રાખથી ઢંકાઈને અંતે ઓલવાય જાય છે તેમ આપણા જીવાત્માને પ્રભુ પ્રેમના રંગે પરમાત્માના માર્ગે સતત ચાલતો રાખવા માટે નિરંતર દેવદર્શન, કથાનું શ્રવણ તથા સત્સંગનો યોગ નિરંતર રાખવો. ગામમાં સત્સંગ સભા કરવી, નાના-મોટા ઉત્સવો કરવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમ કરવા જેનાથી જીવાત્માને ખૂબ બળ મળે છે.

આવા ભગવાનના બળની આપણા સૌમાં વિશેષ વૃદ્ધિ થાય તેવી નૂતન વર્ષના મંગળ દિને પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના. આપણા "શ્રી સ્વામિનારાયણ માસિક"ના સર્વે સભ્યો અને વાચકોને નૂતન વર્ષના અભિનંદન સાથે જયશ્રી સ્વામિનારાયણ.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓકટોબર - ૨૦૦૫)

૧. પ.ભ. પ્રશાંત સી. વ્યાસને ત્યાં પધરામણી, નવરંગપુરા.
૨. ડૉ. નિકુંજ ઘનશ્યામભાઈ (આરીવાળા)ને ત્યાં પધરામણી, ઓઢવ.
૫. પ.ભ. બાબુભાઈ પરસોતમદાસ પટેલને ત્યાં પધરામણી, કલોલ.
પ.ભ. કચરાભાઈ સાંકાભાઈ પટેલના શ્રી ગણેશ પ્રોવીઝન એન્ડ જનરલ સ્ટોર્સમાં ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, બોપલ.
પ.ભ. અરવિંદભાઈ લક્ષ્મણભાઈ હિરપરાને ત્યાં પધરામણી, બાપુનગર.
પ.ભ. પંકજકુમાર બાબુલાલ પટેલને ત્યાં પધરામણી, કલોલ.
૬. પ.. નવિનભાઈ મણીલાલ પટેલને ત્યાં પધરામણી, મહેસાણા.
૭. પ.ભ. શાંતિભાઈ કસ્તુરચંદ ઝિંઝુવાડીયાના પંચરત્ન જ્વેલર્સમાં પધરામણી, સી.જી. રોડ.
૮. પ.ભ. મુકેશભાઈ ચંદ્રકાંતભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, સેટેલાઈટ.
૯. શ્રી મોહનલાલ એસ. મીઠાઈવાળાની દુકાનમાં પધરામણી, નવરંગપુરા.
હરેકૃષ્ણ એન્ટર પ્રાઈઝમાં પધરામણી, દરિયાપુર.
૧૦. શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર સરસ્વતી પૂજન પ્રસંગે પધરામણી.
૧૧. શ્રી પ્રકાશકુમાર કુબેરદાસ ગજજરને ત્યાં વાસ્તુપૂજન પ્રસંગે પધરામણી, કલોલ.
પ.ભ. વિષ્ણુભાઈ પરસોત્તમદાસને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ભૂયંગદેવ.
૧૨. પ.ભ. શાંતિલાલ શામજીભાઈ પ્રજાપતિને ત્યાં પધરામણી, રાજા મહેતાની પોળ.
ડૉ. ભાવિન રમેશચંદ્ર પરીખના યોગી બહેન હોસ્પિટલના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, મણીનગર.
પ.ભ. દિપકભાઈ હિરાલાલ પટેલને ત્યાં પધરામણી, ચાંદખેડા.
શ્રી સ્વામિનારાયણ મંદિર રામબાગ કાંકરિયા શિખર પૂજન પ્રસંગે પધરામણી.
પ.ભ. રમણભાઈ બબલદાસ ગજજરના જયસ્કેન ગ્રાફીકસમાં પધરામણી, બારડોલપુરા.
૧૩. પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંત-હરિભક્તોએ ૩૪મો પ્રાકટ્યોત્સવ ધામધુમથી ઉજવ્યો.
૧૪. પ.ભ. દશરથભાઈ ખેમાભાઈ પટેલને ત્યાં પધરામણી, નારણપુરા.
૧૬. પ.ભ. સંજયભાઈ આર. સોનીના 'શ્રીજી આર્ટ જ્વેલર્સ'માં પધરામણી, રતનપોળ
પ.ભ. જીગરભાઈ દિપકભાઈ પટેલને ત્યાં પધરામણી, મણીનગર.
પ.ભ. શંકરદાસ સોમદાસ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.
પ.ભ. ચંદ્રકાંતભાઈ બબલદાસ ગજજરને ત્યાં પધરામણી, ઘીકાંટા.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારણઘાટ શરદોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં શરદોત્સવમાં પધાર્યા.
૧૭. પ.ભ. બળદેવભાઈ ફુલાભાઈ પટેલને ત્યાં પધરામણી, મોટેરા.
૧૮. પ.ભ. કાંતિલાલ ભગવાનદાસ પટેલને ત્યાં પધરામણી, સાયોનાસીટી - ચાણક્યપુરી.
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર બાવળા (સંસ્કારધામ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૯. પ.ભ. બાબુભાઈ ટપુભાઈ આસોદરીયાને ત્યાં નવા "ડીલાઈટ રેફ્રીઝરેશન"ના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, બાપુનગર.
૩૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
શ્રી સહજાનંદ ગુરુકુલ અસારવા પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પધરામણી.

આશીર્વચન

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

તા. ૨૫-૯-૨૦૦૫ના રોજ બાપુનગર એપ્રોચ મંદિરના સભામંડપમાં અમદાવાદ શહેર નરનારાયણદેવ યુવક મંડળની શિબિર પ્રસંગે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી સાંભળેલ આશીર્વચનના આધારે થોડા વાક્યો 'શ્રી સ્વામિનારાયણ માસિક'ના વાચક વર્ગના સુખ માટે અત્રે લખવાનો પ્રયાસ કરું છું.

મુસલમાનની સ્ત્રીનો મહારાજને એક દાતણ આપવાથી મોક્ષ થયો. કલ્યાણ થયું. બહુ વિચાર કરીએ તો મહારાજે આપણા માટે કંઈ બાકી રાખ્યું નથી. નંદ સંતો કહેતા કે ખાલી આંખ ઉઘાડવાની જરૂર છે. કોઈ કાળે દુઃખ આવે તેવું નથી.

શિક્ષાપત્રીમાં મહારાજે લખ્યું

ये पालयन्ति मनुजाः
सच्छास्त्रप्रतिपादितान ।
सदाचारान् सदा तेऽत्र परत्र
महासुखाः ॥

શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સત્ શાસ્ત્ર-તેમણે, જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને, જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે આલોકને વિષેને પરલોક વિષે મહાસુખિયા થાય છે.

શિક્ષાપત્રીમાં મહારાજે પ્રથમ માણસ બનવાનું કહ્યું, સીધો તિલક ચાંદલો આવી જતો નથી. પ્રથમ હિંસા ન કરવી, આત્મઘાત ન કરવો, માંસ ન ખાવું, દારૂ ન પીવો, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, વ્યસનનો ત્યાગ કરવો, લાંચ ન લેવી. આદિક સદાચાર રૂપી ધર્મ શિખવાડ્યો. દુરાચારનો ત્યાગ કરવાના શ્લોકો પ્રથમ લખ્યા. આ બધી કલમોનું પાલન કરીને પ્રૌઢ થવાય. ત્યાર પછી કંઠી ધારણ કરવી, ગુરૂમંત્ર લેવો, પૂજા કરવી વગેરે લખ્યું, પછી ઉપાસનાની સુંદર વાત કરી. શિક્ષાપત્રીમાં આ બધું સીધી ને સરળ રીતે મળી જાય છે. જેવા તેવા ને આ પ્રાપ્તિ થતી નથી.

રે બ્રહ્માથી કીટ લગી જોયું, જુઠુ
સુખ જાણીને વગોવ્યું,
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું..... રે
શ્યામ તમે સાચું નાણું

મહારાજ સિવાય કલ્યાણ નથી. જે મળ્યા છે તેની કિંમત જાણવાની છે. પૂજા થઈ ગઈ, દંડવત થઈ ગયા, દર્શન થઈ ગયા. વચનામૃતમા મહારાજ કહે છે નિત્ય નવી શ્રદ્ધા રાખવી. સત્સંગમાં આવ્યા ત્યારે પહેલા દિવસે કેવો ઉત્સાહ હતો ! પ્રતિષ્ઠાના દિવસે જેવા ઘનશ્યામ મહારાજના દર્શન કર્યા હતા તેવા નિત્ય નવી શ્રદ્ધાથી યુક્ત દર્શન કરવા. પ્રથમ અમદાવાદમાં આવ્યા ત્યારે ારાયણદેવના કેવી શ્રદ્ધાથી યુક્ત દશન કર્યા હતા !! એકાદશી પૂનમે કે જ્યારે જ્યારે પણ નરનારાયણદેવનું દર્શન કરો છો ત્યારે મનને પૂછવું કે પ્રથમ જેવું અહોપણું વર્તાય છે ? ૧ વર્ષ પછી કે ૨૫ વર્ષ પછી શ્રધ્ધામાં દર્શનના સુખમાં પ્રથમ કરતા વધારો થયો કે નહિ ? તે પોતાની જાત સાથે જ વાત કરવી. આપણે પૂર્ણ કામપણું માની લઈએ છીએ. દર્શનમાં નિત નવી શ્રદ્ધા તથા દિવ્યપણું કાયમ રાખવું.

મહારાજે દયા કરીને આપણને શાસ્ત્રો આપ્યા. તેમાં ભગવાનની વાતો હોવાથી જેટલા વિચારો કરીએ તેટલું જીવનું રૂડું થાય. સ્વભાવ પ્રકૃતિ બધું ટળી જાય. મહારાજે મોક્ષની વાત વહેતી કરી છે. અત્યારે આ જન્મે જ આપણે ઘણું સુખ લઈ શકીએ છીએ. આ ભવે જ અક્ષરધામ છે. ભગવાનની પ્રાપ્તિ છે. ભગવાન બહુ દયાળુ છે. મહારાજે કહ્યું ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થશે. ગમે ત્યાં જાવ આ ચારની બહારની કોઈ વસ્તુ નથી.

જગતની જંજાળ પૂરી થવાની નથી. રાંઢવું ટૂંકુ જ પડે. એનો કોઈ ઉપાય જ નથી. મહેલ બનાવો. ગાડી લાવો બધું કરો પણ ભગવાનને ભૂલીને કોઈ વસ્તુ નહિ કરવાની. મંદિરે દરરોજ જવું દર્શન કરવું, સંત સમાગમ કરવો. કાયમ ભગવાનની સાથે આપણો નાતો પાકો કરવો.

પછી પ.પૂ. મહારાજશ્રીએ દરેકને એવી શક્તિ મળે તથા દરેક ખૂબ સુખિયા થાય તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી રામાનુજાચાર્ય

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક

સત્સંગીમાત્રને અવશ્ય એટલે અનિવાર્ય પણે જાણવાની બાબતોમાં એક ગુરુપરંપરા છે. સ્વામિનારાયણ ભગવાને ઉદ્ધવ સંપ્રદાયમાં ગુરુ પરંપરાની શરૂઆત રામાનુજાચાર્યથી જણાવી છે. રામાનુજાચાર્યે રામાનંદ સ્વામીને દીક્ષા આપી આચાર્ય તરીકે સ્થાપ્યા હતા. રામાનુજાચાર્યનો જીવનકાળ ઈ.સ. ૧૦૧૭ (જન્મ)થી ઈ.સ. ૧૧૩૭ (અવસાન) સુધીનો ગણાય છે, એટલે કે તેઓ આશરે ૮૬૮ વર્ષ પહેલા થઈ ગયા. જ્યારે રામાનંદ સ્વામીનો જીવનકાળ ઈ.સ. ૧૭૩૯ (જન્મ)થી ઈ.સ. ૧૮૦૨ (અવસાન) દરમ્યાન નોંધાયો છે. એટલે કે માત્ર ૨૦૩ વર્ષ પહેલાંની આ વાત થઈ. તો પછી રામાનંદ સ્વમીએ રામાનુજાચાર્ય પાસેથી દીક્ષા કેવી રીતે મેળવી હોય ? આવી વાજબી શંકાનો ખુલાસો એમ મળે છે કે ભૌતિક રીતે ભલે એ શક્ય ન હોય પરંતુ રામાનુજાચાર્યે રામાનંદ સ્વામીને સ્વપ્રમાં દર્શન દઈને દીક્ષા આપી છે. અને પોતે દીક્ષા આપી છે તેનો નજરે દેખાય તેવો ભૌતિક પુરાવો આપવાનું તેઓ ભૂલ્યા ન હતા. એકલવ્ય દ્રોણાચાર્યની માટીની પ્રતિમા બનાવીને તેની પાસેથી ધનુર્વિદ્યા ભણ્યો હતો. ગુરુદેવે તે અબોલ પ્રતિમા દ્વારા પ્રેરણા આપી આપીને એકલવ્યને ધનુર્વિદ્યામાં અર્જુનની સમાન કક્ષામાં મૂકી દીધો. સિધ્ધપુરુષ પોતાનુ સામર્થ્ય કોઈપણ રીતે દર્શાવે છે. શિષ્યમાં પાત્રતા જોઈએ.

રામાનુજાચાર્યનો જન્મ તામિલનાડુ માં પેરુમ્બુદુર-ભુતપુરી ખાતે થયો હતો. માતા કાંતિમતિ યામુનાચાર્યની પુત્રી થાય. યામુનાચાર્ય તે વખતના વૈષ્ણવ સંપ્રદાયના પ્રતિભાવંત આચાર્ય હતા. શ્રીરંગમ્ પીઠ ઉપર આચાર્ય તરીકે વિરાજતા હતા. ઈતિહાસના પાના કહે છે કે વૈષ્ણવ સંપ્રદાયની શરૂઆત ત્યારથી એટલે કે લગભગ ૯૭૦ વર્ષ પહેલા થઈ ગણાય. પિતા શ્રી કેશવયજવન્ હતા. તેમણે પુત્રનું નામ લક્ષ્મણ રાખ્યું હતું. પરંતુ યામુનાચાર્યના પુત્ર મહાપૂર્ણજીએ (એટલે કે મામાએ) એ જ નામ સૂચિત કરે તેવું રામાનુજ નામ રાખ્યું. ભગવાન રામના અનુજ (નાનાભાઈ અર્થાત્ લક્ષ્મણ) એટલે રામાનુજ.

બાળપણથી જ પિતા પાસે વેદનો અભ્યાસ કર્યો. ભગવાન શ્રીહરિ પણ વેદના પાઠ ધર્મદેવ પાસેથી ભણ્યા હતા ને ? તે સમયના બ્રહ્મસમાજમાં બાળકોને હિન્દુધર્મના સંસ્કારોનું શિક્ષણ પ્રથમથી જ આપવામાં આવતું. પૃથ્વી ઉપર બ્રાહ્મણોથી બ્રહ્મત્વ ટકે છે. બ્રહ્મત્વ ઉર્ધ્વગતિની શક્તિ છે. મુસ્લિમ સમાજમાં અત્યારે પણ નાના બાળકો મજહબના પાઠ ભણવા મદરેસામાં જાય છે. હિન્દુ સમાજમાં કેટલા નાના બાળકો ધર્મના સંસ્કાર ઝીલતા હશે ? સોળ વર્ષની ઉંમરે પિતાએ રામાનુજને પરણાવી દીધા. ત્યારબાદ થોડો સમય જતાં તે દેવ થઈ ગયા. પછી રામાનુજ કાંચી ગયા. યાદવપ્રકાશ નામના વિદ્વાન પાસે રહીને મીમાંસાદિ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તેમની સાથે તેમના માસીના પુત્ર ગોવિંદશર્મા પણ ભણતા હતા. અગબત્તીની સુગંધ વાતાવરણમાં પ્રસરે તેમ રામાનુજની વિદ્વતા ધીરે ધીરે પ્રસિદ્ધિ પામતી ગઈ. યામુનાચાર્ય પણ તેમની વિદ્યા-સિદ્ધિથી આનંદ પામ્યા. અને શ્રીરંગમ્ પીઠના આચાર્ય તરીકે તે પોતાના અનુગામી બને તેવું વિચારવા લાગ્યા. તેમણે રામાનુજને શ્રીરંગમ્ તેડાવ્યા. પરંતુ તેઓ આવે તે પહેલાં જ યામુનાચાર્યનું દૈવયોગે અવસાન થયું. તેમ છતાં તેઓ રામાનુજને ત્રણ કાર્યો કરવાની આજ્ઞા કરતા ગયા હતા. વેદાન્ત સૂત્ર ઉપર હસતા રચવું, આલવારો રચિત દ્રવિડ કાવ્યને પાંચમાં વેદ તરીકે ગૌરવાન્વિત કરવું અને વિષ્ણુપુરાણ રચનાર શ્રેષ્ઠ વિદ્વાન પરાશર મુનિની સ્મૃતિ રહે તેટલા માટે લાયકાત ધરાવતા કોઈ ઉત્તમ વિદ્વાન વિપ્રને પરાશર નામથી સન્માનવા.

રામાનુજે ગૃહસ્થાશ્રમ છોડી સન્યાસ લીધો. અને યામુનાચાર્યની ઈચ્છા મુજબ શ્રીરંગમ પીઠના આચાર્યની જવાબદારી માથે લીધી.

ત્યારથી તેઓ રામાનુજાચાર્ય તરીકે સ્વીકૃતિ પામ્યા. સૌ પ્રથણ તેમણે આચાર્ય ગોષ્ઠિપૂર્ણજી પાસેથી અષ્ટાક્ષર મંત્ર સવિધિ ગ્રહણ કર્યો. મંત્રદીક્ષા આપ્યા પછી ગોષ્ઠિપૂર્ણજીએ રામાનુજને "શ્રીમન્નાથ" એવું બીજું નામ આપ્યું. તેથી તેઓ ભગવાન શ્રીમન્નનાથ તરીકે પણ વૈષ્ણવ સંપ્રદાયમાં જાણીતા થયા. યામુનાચાર્યે પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોનો અભ્યાસ કર્યો. શ્રીરંગનાથજીના મંદિરનો વહિવટ સંભાળ્યો. વૈષ્ણવ ધર્મનો પ્રચાર કરવા અને અદ્વૈત મત સામે વિશિષ્ટાદ્વૈત મતને વધુ પુષ્ટ કરવા દેશના જુદા જુદા પ્રદેશોનો પ્રવાસ કર્યો. અનેક સ્થળોએ વિચરણ કર્યું. વિદ્વાનોને ભેગા કર્યા. ચર્ચા સભાઓ રાખી. શાસ્ત્રાર્થ કર્યા. શાસ્ત્રોના અનેક પારંગત પંડિતોને પરાજિત કર્યા. ધારદાર તર્ક શક્તિથી શંકરાચાર્યના કેવલાદ્વૈત મતનું ખંડન કરી, શુદ્ધ વિશિષ્ટાદ્વૈત મતનું પ્રતિપાદન કર્યું. નાત જાતના તથા ઉંચ-નીચના ભેદભાવ દૂર કર્યા. હજારો સ્ત્રી-પુરુષોને દીક્ષા આપી. વૈષ્ણવ સંપ્રદાયમાં પ્રવર્તતી અશુદ્ધિઓ દૂર કરી. ભક્તિમાર્ગને સુદ્રઢ કર્યો.

પોતાના અનેક વિધ પ્રવૃત્તિશીલ જીવનમાં પણ રામાનુજાચાર્ય ઈશ્વર ભક્તિનું પ્રધાનપણું છોડતા નહિ. હૃદયમાં સતત શ્રીહરિ સ્મરણ રહેતું. તેમને ભગવાનનો સાક્ષાત્કાર થયો હતો. સિધ્ધ સ્થિતિને પામ્યા હતા. ગુરુ આજ્ઞા મુજબ તેમણે વેદાંત સૂત્ર-વ્યાસમુનિએ રચેલા બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય રચ્યું. શ્રી ભાષ્ય તરીકે ઓળખાતું આ ભાષ્ય વિદ્વાનોમાં ખૂબ જ પ્રશંસાપાત્ર ઠર્યું છે. આલવારોના પદ સંગ્રહને તેમણે પંચમ વેદ તરીકે સમર્થન આપ્યું. તથા પોતાના એક વિદ્વાન મિત્ર કુરેશના પુત્રનું નામ પરાશર ભટ્ટ રાખીને યામુનાચાર્યે આપેલાં ત્રણેય કાર્યો નિષ્પન્ન કર્યા.

શ્રીરંગમ્ ક્ષેત્ર ચોલ રાજાની હકુમતમાં હતું. એ રાજા શૈવી સંપ્રદાયનો હતો. તેથી વૈષ્ણવ ભક્તોને ઘણું સહન કરવું પડતું. ખરાબ દેશકાળ હોય ત્યાંથી સુજ્ઞ જનોએ નીકળી જવું એ શાસ્ત્ર વચનને અનુસરીને રામાનુજાચાર્ય મૈસુર રાજ્યમાં ગયા. બાર વર્ષ સુધી ત્યાં રહ્યા. ચોલ રાજાના દેહાંત પછી ફરી શ્રીરંગમમાં આવતા રહ્યા. વૈષ્ણવ સંપ્રદાયની વિચારધારા એવી હતી કે શ્રી અથવા લક્ષ્મી એ ભગવાન વાસુદેવની શક્તિ છે. અને વાસુદેવ કૃપા શ્રી લક્ષ્મી દ્વારા જ મેળવી શકાય. આ કારણથી વૈષ્ણવ સંપ્રદાય 'શ્રી સંપ્રદાય' આવે નામે પણ ઓળખાય છે. વેદાંત સૂત્ર ઉપર રામાનુજે રચેલું ભાષ્ય પણ શ્રી ભાષ્ય કહેવાય છે. તેમણે ગીતા ભાષ્ય, વેદાંત સંગ્રહ, વેદાંતદીપ, વેદાંતસાર જેવા બીજા ગ્રંથો પણ લખ્યા છે.

ભગવદ્ ભક્તિમય જીવન જીવતા, માનવીય તૃષ્ણાઓથી નિસ્પૃહ, સંસારથી વિરકત તથા ભગવાન વાસુદેવનો સાક્ષાત્કાર પામેલા રામાનુજાચાર્ય સિધ્ધ મુકત હતા. સિધ્ધપુરુષો સમય અને સીમાના બંધનથી પર હોય છે. ભગવાનની જેમ ત્રિવિધ પીડાનું નિવારણ કરનારા હોય છે. સમર્થ હોય છે. પરંતુ સર્વેશ્વર શ્રીહરિની મરજી વિના એક તણખલું પણ આડું અવળું કરતા નથી એવી પરમેશ્વર સાથે એકતા ધરાવતા હોય છે. રામાનંદ સ્વામીએ રામાનુજાચાર્ય પાસેથી દીક્ષા કેવી રીતે મેળવી તે પ્રસંગ આમ બન્યો છે : સૌરાષ્ટ્રમાં આવીને રામાનંદ સ્વામીએ ગોપનાથ મહાદેવના મંદિરમાં રહેતા યોગનિષ્ઠ ગોપાળાનંદ બ્રહ્મચારીના શિષ્ય આત્માનંદ સ્વામી પાસેથી દીક્ષા લઈ તેમની સેવામાં રહ્યા હતા. આત્માનંદ સ્વામી સમર્થ વ્યક્તિ હતા. પણ નિરાકારવાદી હતા. સાકાર સ્વરૂપના ઉપાસક રામાનંદ સ્વામીને તેમની સાથે મેળ પડ્યો નહિ. ભગવાનના સાકાર સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે તેવા ગુરુને શોધવા માટે આત્માનંદ સ્વામીને વંદન કરી છૂટા પડ્યા. સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કરનારો રામાનુજાચાર્યનો શ્રીસંપ્રદાય છે એ તેઓ જાણતા હોવાથી સીધા શ્રીરંગક્ષેત્રમાં આવ્યા. શ્રીરંગનાથ ભગવાનના દર્શન કર્યા. ત્યાં રોકાયા. શ્રી ભાષ્ય, ગીતા ભાષ્ય વગેરે ગ્રંથોનો અભ્યાસ કર્યો. મંદિરમાં તેમજ સત્સંગ સમાજમાં માહાત્મ્ય પૂર્વક વંચાતો રામાનુજાચાર્યની વાણીરૂપ પ્રપન્નામૃત નામનો ગ્રંથ રસપૂર્વક સાંભળ્યો. તેથી રામાનુજાચાર્ય પ્રત્યે અનુરાગ, ભક્તિભાવ, હેત, મહિમા વધતા ગયા. રાત દિવસ તેમનું સ્મરણ કરવા લાગ્યા.

એક દિવસ તેમની ખુશીનો પાર રહ્યો નહિ. સેવેલું સ્વપ્ન સાકાર થયું. ચૈત્ર સુદ પાંચમનો દિવસ હતો મનોમન ગુરુ તરીકે માનેલા રામાનુજાચાર્યનો તે જન્મ દિવસ હતો. તે દિવસે પ્રાતઃકાળે સ્વપ્નમાં રામાનુજાચાર્યે સાક્ષાત દર્શન આપીને કહ્યું, મદ્ધણિન્ રામાનુજમવેહિ મામ્, વરં વરય હે શિષ્ય હું રામાનુજાચાર્ય, તમારા ભક્તિ ભાવથી પ્રસન્ન થઈને તમને દર્શન આપવા આવ્યો છું. તમારી ઈચ્છા હોય તે માગો. રામાનંદ મુનિએ ગુરુચરણમાં પ્રણામ કરી કહ્યું હે, પ્રભુ ! મને સર્વેશ્વર ભગવાન શ્રીહરિના સાક્ષાત દર્શન થાય એવો અનુગ્રહ આપ કરો.

રામાનુજાચાર્યે રામાનંદ સ્વામીને વૈષ્ણવી દીક્ષા આપી. બે મંત્રો આપ્યા. પછી કહ્યું આ મંત્રનો જાપ કરજો. તમને પ્રત્યક્ષ ભગવાનના દર્શન થશે. એમ કહીને તુલસીની બેવડી કંઠી પહેરાવી. જપ માળા આપી, અને ઉર્ધ્વપુંડ્ર તિલક કરી તેનો વિધિ બતાવ્યો. પછી બોલ્યા, તમે હવે મારા થકી આચાર્યપદ પામ્યા છો. માટે શરણે આવે તે મુમુક્ષુઓને દીક્ષા આપજો. ઉપદેશ કરજો. દૈવી જીવો હોય ત્યાં વિચરણ કરજો. હું રાજી છું. આ રીતે આશીર્વાદ આપીને અંતર્ધાન થઈ ગયા. રામાનંદ સ્વામી જાગ્યા ત્યારે તુલસીની કંઠી, માળા તથા ઉર્ધ્વપુંડ્ર તિલક પોતાના શરીર પર પ્રત્યક્ષ નિહાળ્યા. ગુરુ દર્શનનો પ્રત્યક્ષ પુરાવો જાગ્રતમાં દેખીને પોતે અત્યંત ભાવના શીલ થઈ ગયા. તે પછી તેમણે ગુરુ આજ્ઞા મુજબ લોક કલ્યાણ પ્રવૃત્તિ શરૂ કરી.

રામાનુજાચાર્યના જીવન વિશે સંશોધન કરનાર વિદ્વાનો કેટલીક નવી માહિતી આપે છે. પિતા કેશવ પેરૂમલ સોમૈયાજી તથા માતા કાંથીમથી અમાલને આંગણે તેમનો જન્મ થયો. બાળકના મુખની દિવ્યતા નિહાળીને પેરીઆ થીરૂ મલાઈ નાંખી તેનું નામ ઈલ્યા પેરૂમલ રાખ્યું. ઈલ્યા એટલે લક્ષ્મણ. રામાવતારમાં તેઓ રામના ભાઈ લક્ષ્મણ જ હતા. કૃષ્ણાવતારમાં તે બલરામ થયા. અને કળિયુગમાં રામાનુજ કહેવાયા. બાળપણમાં જ પિતાનું અવસાન થયું. તેઓ એક સમર્થ વિભૂતિ હતા. ભગવાન વરદ રાજન્ સાથે વાતો કરતા. સોળ વર્ષના થયા ત્યાં સુધીમાં તો વેદ, પુરાણ, ઉપનિષદ વગેરે બધા શાસ્ત્રો ભણી લીધા. તે પછી તાંજામાલ નામની કન્યા સાથે લગ્ન કર્યા. ત્યારબાદ, અદ્વૈતવાદી સન્યાસી યાદવપ્રકાશ પાસે મીમાંસા આદિક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. રામાનુજ વિશિષ્ટાદ્વૈત વિચારધારાના પુરસ્કર્તા હોવાથી ગુરુને થયું કે આ અત્યંત પ્રભાવશાળી અને પારંગત પંડિત છે. તેથી અદ્વૈત મતને ઉખાડીને ફેંકી દેશે. તેથી ગંગાજીમાં ડૂબાડી મારી નાખવાના પ્રયત્નો કર્યા. પરંતુ તેમના એક મિત્રે તેમને ડૂબવા ન દીધા. રાતના અંધારામાં જંગલમાં ભરાઈ ગયા. ત્યાં એક વૃદ્ધ શિકારી દંપતીએ સહાય કરી. પછી રામાનુજ સમાધિમાં બેઠા. જ્યારે જાગ્રત થયા ત્યારે તો તેઓ કાંચીમાં બેઠા હતા ! શિકારી દંપતી કોણ જાણે ક્યાં જતું રહ્યું. પછી ખબર પડી કે ભગવાન વરદ રાજન્ અને પેરૂન દેવી રક્ષા કરવા માટે શિકારીના સ્વરૂપે આવ્યા હતા.

રામાનુજનું સંસારી જીવન દુઃખી હતું. પત્ની સાથે બનતુ નહિ. પત્ની આ મહાપુરુષને ઓળખી શકી નહિ. અવાર નવાર ઝગડા કરતી. રામાનુજને શ્રીરંગમની ગાદી સ્વીકારવા આમંત્રણ મળ્યુ હતું. એ સ્વીકારતાં પહેલાં તેમને ત્રણ રહસ્ય મંત્રો જાણવા હતા. પણ મંત્ર જાણનાર આચાર્ય મંત્રો આપતા ન હતા. છેવટે એ મંત્રો તમે સુપાત્ર વ્યક્તિને જ આપશો. કુપાત્રને આપશો તો નર્કે જશો એવી શરત અને ચેતવણી સાથે મંત્રો આપ્યા. રામાનુજ તો લોક કલ્યાણમાં માનતા હતા. માગે તે બધા મુમુક્ષુઓને મંત્રો આપવા લાગ્યા. મંત્ર આપનાર આચાર્યે ખુલાસો પૂછ્યો, તો કહ્યું કે હું ભલે નર્કમાં જાઉં પણ મારા બધા શિષ્યો તો સ્વર્ગના અધિકારી બનશે ને ? તેમની આવી ઉદાત્ત ભાવનાથી આચાર્ય પણ રાજી થયા.

તિરૂમલાઈમાં રામાનુજાચાર્યનું મંદિર છે. આ મંદિરમાં તેમણે જ પોતાની મૂર્તિની સ્થાપના કરી છે. આ મૂર્તિમાં તેમણે પોતાનું બધું જ સામર્થ્ય કેન્દ્રિત કર્યું છે. ઈ.સ. ૧૧૩૭માં તેઓ અંતર્ધાન થયા. આ લોકમાં ૧૨૦ વર્ષ સુધી રહ્યા. તેમના ભૌતિક શરીરને દર્શન માટે શ્રીરંગમ્ મંદિરમાં આજે પણ સાચવી રાખવામાં આવ્યું છે એ ઘણાને ખબર નહિ હોય.

વાત છે અસીમ શ્રદ્ધાની !

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

સહજ - આનંદના - સંદેશક શ્રીસહજાનંદ સ્વામીના સદુપદેશનો મહિમા જેટલો આંકીએ તેટલો ઓછો છે. જીવનમાં 'પ્રલોભન' અને 'પ્રતિકૂળતાઓ' સામેના સતત ચાલી રહેલા આ ખરાખરીના જંગમાં સર્વોપરી શ્રીસહજાનંદ સ્વામીના વચનોને કઈ રીતે જીતાડવા એની અનેરી, અનોખી, આગવી અને આકર્ષક યુક્તિ-પ્રયુક્તિઓ સુપેરે દર્શાવતાં સ્વામિનારાયણ સંપ્રદાયના બે પુસ્તકો એટલે 'વચનામૃત' અને 'શિક્ષાપત્રી' ગણાવી શકાય.

સર્વોપરિ શ્રીહરિના અવતારના અવતારી અને કારણના કારણ એવા કરુણાનિધાનના પરમ ઉપાસકોએ વિશિષ્ટ અને વિશુદ્ધ પુણ્યબંધના સ્વામી બનવા માટે અડગ ઉપાસના અને સાધનાઓ પણ કરતા રહેવાની છે.

જીવનમાં સાંસારિક અને ભૌતિક પ્રલોભનો કે આકાંક્ષાઓ સામે આપણે ઝૂકવાનું નથી, તેમજ પ્રતિકૂળતાઓ અને આપત્તિઓ સામે આપણે માથું ટેકવી દેવાનું નથી, જરા પણ નિરાશ બનવાનું નથી.

સંપ્રદાયના આ બે અમૂલ્ય ગ્રંથોનું તમે એકવાર એકાગ્રતાથી વાચન કરો તો તમે સ્તબ્ધ થઈ જશો. આ પુસ્તકોએ દેશ-વિદેશમાં પ્રસન્નતાનું વાતાવરણ સર્જ્યું છે, અને હજારો યુવકોને પ્રભાવિત કર્યા છે, એટલું જ નહિ, પણ ચિત્તને આ સમ્યક સમજણથી સુશોભિત કરવામાં સહાયક અને વિવેકચક્ષુ ઉઘાડવામાં પ્રેરક બનતા આ બંને પુસ્તકો એક સુંદર અને અણમોલ નજરાણું કહી શકાય.

શ્રીજી મહારાજે કહ્યું છે કે, "મોટો કોણ ?" "જેની સમજણ મોટી તે મોટો." આ ભીતરની સમજણના સથવારે અને વિવેકની પગથારે જીવન કઈ રીતે જીવવું તેનું પાથેય પુરું પાડે છે. આ પુસ્તકો આ બંને પુસ્તકોનું વાચન વાચકવૃંદને શીલ સદાચારથી સુશોભિત રાખે છે.

જીવનમાં સમસ્યાઓનો કોઈ પાર નથી. શરીર ક્ષેત્રે રોગની સમસ્યાઓ, સંપત્તિના ક્ષેત્રે મંદીની સમસ્યાઓ, પરિચિતો અને કુટુંબી વર્ગ વચ્ચે ગેરસમજની સમસ્યાઓ, ટૂંકમાં વગેરે ક્ષેત્ર જ્યાં જુઓ ત્યાં કુરુક્ષેત્ર જે બની જાય છે. અર્જુનને તો માત્ર અઢાર દિવસ જ લડવાનું હતું, પરંતુ આપણે તો દિવસ-રાત લડ્યા જ કરવું પડે છે. આ યુદ્ધના મેદાનમાં આપણા રથના એક નહિ પણ બે સારથિ છે : (૧) વચનામૃત અને (૨) શિક્ષાપત્રી.

જીવનની અનેકવિધ સમસ્યાઓનો ઉકેલ આપણને આ બંને ગ્રંથોમાંથી મળી આવે છે. જીવનમાં આ સમસ્યાઓ સામે કયો અભિગમ અપનાવવો એ વાચકવૃંદે શોધી કાઢવાનું છે. તમને સફળતા પણ ગજબની મળશે ! કાગડો કોયલની ભાષા બોલવા લાગે અને જે ચમત્કાર સર્જાય એવો ચમત્કાર આ બંને ગ્રંથોના સદુપદેશ દ્વારા સર્જાશે !

પવિત્રતાની મૂડી જો તમે ટકાવી રાખવા ઈચ્છતા હો તો સંસ્કારોની મૂડીને જો તમે સાચવી રાખવા ઈચ્છતા હો તો, સંત સમાગમ અને સત્સંગને તમે પ્રાધાન્ય આપો. તમે તમારા મનને સંકલ્પયુક્ત બનાવી દો. ખોટા ઘાટ-સંકલ્પ કરનાર આ મનને માયકાંગલું બનતું અટકાવવા માટે આ બંને ગ્રંથો ધર્મ-આરાધનાઓથી જીવનને મઘમઘતું, તરબોળ અને તરબતર બનાવી દેશે.

વ્યસનોનો આપોઆપ ત્યાગ થઈ જશે. જો જીવનમાં સફળતા પ્રાપ્ત કરવી હોય તો સંકલ્પ બળના સ્વામી બનો. જીવનમાં બે બાજુથી પડકારો આવતા રહેવાના છે. પ્રલોભનો એ એક બાજુના પડકારો છે અને પ્રતિકૂળતાઓ એ બીજી બાજુના પડકારો છે.

દૃઢ સંકલ્પના સ્વામી બન્યા વિના માત્ર ઈચ્છાઓના સહારે ધર્મસેવનમાં કે પાપ ત્યાગમાં સફળતા મળવાની સંભાવના નહિવત્ છે. માટે આજથી જ દૃઢ સંકલ્પ કરો કે આ બંને ગ્રંથોનું નિયમિત એકાગ્રતાપૂર્વક વાચન કરવું, શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરવો.

(અનુસંધાન પાના નં ૨૩ ઉપર)

ભક્તિ

- નટવરલાલ બાજીદાસ પટેલ
(વિહારવાળા)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાને હાથે લખેલી શિક્ષાપત્રીમાં પોતે ધર્મ-ભક્તિ-જ્ઞાન અને વૈરાગ્યની ટૂંકમાં પણ સચોટ વ્યાખ્યા આપણને સમજાવે છે કે :-

શ્રુતિ-સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો. અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. (શિ. શ્લોક નં. ૧૦૩) અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો. અને જીવ, માયા અને ઈશ્વર તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. (શિ.શ્લો. નં. ૧૦૪).

સ્વામિનારાયણ ભગવાન ઉપરોક્ત શિ.શ્લોક નં. ૧૦૩, ૧૦૪ મુજબ આપણને ધર્મ-ભક્તિ-જ્ઞાન અને વૈરાગ્યની વાત ખૂબજ ટૂંકમાં પણ પરફેકટ રીતે (સચોટ અને સંપૂર્ણપણે) સમજાવે છે. તેમાંથી ભક્તિ અંગેની વિશેષ જાણકારી આજે આપણે સમજી વિચારી જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીશું.

વેદ, ઉપનિષદ, શ્રુતિ, સ્મૃતિ, સર્વ શાસ્ત્રના સિધ્ધાન્તરૂપ એવા ધર્મશાસ્ત્ર, સત્સંગિજીવનના બીજા પ્રકરણમાં સર્વોપરિ સર્વ અવતારના અવતારી સર્વ કારણના કારણ, નિર્ગુણ, પરિબ્રહ્મ એવા શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના અનન્ય ભક્ત સુરતના શ્રી ભાલચંદ્ર શેઠને કહ્યું કે હે ભક્તો આજની આ સુરતની સભામાં તમને મુંઝવતો કોઈ પ્રશ્ન પૂછવો હોય તો પૂછો : ત્યારે બુદ્ધિમાન ભાલચંદ્ર શેઠે પૂછ્યું : હે ભગવાન ભગવાનની ભક્તિ સમગ્ર બંધનોમાંથી છોડાવનારી છે. તે ભક્તિ વિષે જ તમને પૂછુ છું :-

(૧) તે ભક્તિ કેટલા કેવા પ્રકારની છે ?

(૨) તે ભક્તિનો દૃઢપણે આશ્રય કરનાર ભક્તો કેવા પ્રકારના હોય ?

(૩) પ્રત્યક્ષ શ્રીહરિમાં તે ભક્તજનોને કેવા પ્રકારની પ્રિતી હોય ? તે સમગ્ર બાબત અમને કહો :

ભાલચંદ્ર શેઠના પ્રશ્નો સાંભળી શ્રીહરિ તેઓના જવાબ આપે છે કે : હે વૈશ્યવર, તમારા પ્રશ્નોના જવાબ પરમાત્માની કૃપા વિના વિદ્વાનો પણ આપી શકે તેમ નથી. તે હું તમને કહું છું : આ લોકમાં માણસ પ્રથમ ભક્તિ અને ધર્મથી યુક્ત ગુરુ થી ભાગવતી દીક્ષા પામીને તે ગુરુથી ભગવાનની પ્રતિમા (મૂર્તિ) પ્રાપ્ત કરીને ગુરુએ બતાવેલી સેવાની રીતીથી આળસે રહિત થઈ ભગવાનની ભક્તિ કરે. અને ભગવાનમાં પ્રેમ સહિત અખંડ વૃત્તિ રહે તેને ભક્તિ કહેવાય.

શ્રીહરિની કથાનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણની સેવા, પૂજન, નમસ્કાર, દાસપણું, ભગવાન સાથે સખા ભાવ અને આત્મનિવેદી આ ભક્તિના નવ પ્રકાર છે. આ નવ પ્રકારની ભક્તિથી પરમેશ્વરને ભજવા તેના વડે સકામ ભક્તો પોતાને ઈચ્છિત પદાર્થો પામે છે. અને નિષ્કામ ભક્તો મુક્તિ પામે છે. સર્વકાળમાં જેમણે ભગવાનમાં પોતાનું મન જોડેલુ છે. ભગવાનના ચિંતન વિના ક્ષણપણ જેમની જતી નથી તેવા નિષ્કામી સંતો-ભક્તો ભગવાનની મૂર્તિના દર્શન કરે છે. અને તેઓની સાથે વાતો પણ કરે છે. નિષ્કામ ભક્તો પ્રાપ્ત થયેલી બ્રાહ્માદિ લોકની સંપત્તિ અને અણિમાદિ અષ્ટ સિધ્ધિઓને પણ ઈચ્છતા નથી તેમજ ભગવાને બળાત્કારે આપવા ઈચ્છેલી સાલોક્યાદિ મુક્તિઓને પણ ઈચ્છતા નથી તો પણ ભગવાન તેવા ભક્તોને દેવોને પણ દુર્લભ અતિ શ્રેષ્ઠ પોતાના અક્ષરધામમાં રહેલા વૈભવો તેવા ભક્તોને આપે છે.

હે ભાલચંદ્ર ! ભગવાનમાં અખંડ પ્રિતી પરાયણ સાધુજનના સમાગમથી ભક્તિની દૃઢતા નિરંતર કરવી. ભક્તિ કરવામાં પ્રેમ વાળો હોય અને ભક્તિની દૃઢતા ન થઈ હોય એવો ભગવાનનો ભક્ત, ક્યારેક કુસંગના યોગથી ભક્તિથી પડી જાય તો પણ ભક્તિ તો વ્યર્થ જતી જ નથી. એ ભક્તિ બીજા જન્મમાં પણ ફરી એ ભક્ત પામે છે. માટે વિવેકી ભક્તજનોએ સત્પુરુષના

વચનમાં વિશ્વાસ રાખી પ્રભુમાં પ્રીતિ કરવી. જે ભક્તો હોય તેઓ એ તો પોતાના થકી બીજામાં જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ વગેરે શ્રેષ્ઠ ગુણો વધારે હોય તેવા ભક્તોને નમસ્કાર કરવા. ગરીબ ભક્તોને માતા-પિતાની જેમ સુખ કરનાર વચનોથી બોલાવવા. ગુણોથી સમાન સાધુઓની સાથે ભાઈઓની માફક સ્નેહ રાખવો. અને સ્ત્રી લંપટ, પાખંડી, વ્યસની, ક્રોધી, લોભી, ખળ અને પારકા ધર્મનું પાલન કરનારાઓ આટલી વ્યક્તિઓનો સંગ ન કરવો.

જે ભક્તજન શ્રીહરિની ઈચ્છા થી જે કંઈ વ્રતો, તપો, નિયમો અને ધર્મનું પાલન કરે છે તે વ્રત-તપ વિગેરે ભક્તિની વૃદ્ધિ કરનારો થાય છે. ચોરાસી લાખ યોનિમાં ભ્રમણ કર્યા પછી પ્રાપ્ત થયેલ અને દેવોએ પણ ઈચ્છેલો મનુષ્યદેહ પામીને બુધ્ધિશાળી પુરુષોને વિષયોથી નિવૃત્તિ થવી અને ભગવાનમાં સ્નેહ થવો એજ ફળ છે.

હે ભાલચંદ્ર શેઠ, આ પ્રમાણે જે ભક્તોને ભગવાન સાથે પ્રેમ સહિત ભક્તિ હોય તેવા ભક્તો સાથે ભગવાનને ગાઢ પ્રીતિ હોય છે. અને તેવા ભક્તોના સંપૂર્ણ મનોરથ ભગવાન પૂર્ણ કરે છે. નિર્મળ ભક્તિથી અર્પણ કરેલું જળ, ફળ, પુષ્પ પાનને ભગવાન સ્વીકારે છે.

આ જન્મમાં અથવા અનેક યોનિમાં ફર્યા પછી પણ ભગવાનના ધામની પ્રાપ્તિ ભક્તિ વિના થતી નથી. જે પુરુષ સ્ત્રીના કટાક્ષરૂપી બાણોથી પરાભવ પામ્યો નથી અને ક્રોધરૂપી રાત્રિમાં જાગતો રહે છે. તે પુરુષને જ પ્રભુમાં પ્રિતી થાય છે. બાળક, સ્ત્રી, દર્પણ, પોતાના દેહના સંબંધી, ધન, રાગ, માદક વસ્તુ અને હોળીના દિવસે ખેલ. આ આઠમાં જે ભક્તનું ચિત્ત તણાતું નથી અને ભગવાનમાં જ એક સ્નેહ છે. એવા ભક્તની ચરણ રજને તો દેવો પણ ઈચ્છે છે. આવા સાધુજનો જે હોય તેઓને જ ગુરુ કરવા અને તેજ પૂજવા યોગ્ય છે. જે પુરુષો આવા સંતોને છોડીને બીજાને ગુરુ કરે છે. અને પૂજે છે તો તેવાઓમાં અને પશુઓમાં કંઈ પણ ફેર નથી.

હે ભક્તો ! ભક્તિની મોટાઈ આપણે સાંભળી મોક્ષકારી સાધનોમાં ભક્તિને જ મુખ્ય ગણવામાં આવી છે. અને અન્ય સાધનો તો તેના સહાયરૂપ કહેલાં છે. પરમાત્માને સાકાર માનનારા તમામ સંપ્રદાયોએ ભક્તિને જ સર્વોપરિ કહી છે. ખૂદ અક્ષરાધિપતિ સ્વામિનારાયણ ભગવાનના હૃદયગત અભિપ્રાયો જોઈએ તો જણાઈ આવશે કે ભક્તિ જ પ્રભુમાં પ્રેમ કરાવનારી અને મોક્ષની નિસરણી છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન તો એમ કહે છે કે : ભક્તિએ યુક્ત ભક્તતો મારુ હૃદય છે. અને એ મને મારા પ્રાણ કરતાં પણ વ્હાલા છે. હું અખંડ તેવા ભક્તોના હૃદયમાં રહું છું અને તેઓ મારા હૃદયમાં રહે છે,. શ્રીહરિએ તો વચનામૃતમાં પણ ભક્તિને સર્વોપરિ કહી છે. જુઓ ગઢડા મધ્ય પ્રકરણના દશમા (૧૦) વચનામૃતમાં કહ્યું છે કે : જ્ઞાન અને વૈરાગ્યમાં દેવત તો છે. પણ ભક્તિ જેટલું નથી અને ભક્તિતો અતિ દુર્લભ છે. મધ્યના ૩૨માં વચનામૃતમાં કહ્યું છે કે : આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને ધર્મ તેતો ભગવાનની ભક્તિના સહાયરૂપ ઉપકરણ છે. પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી. અને જો અતિશય ધર્મ, આત્મનિષ્ઠાને વૈરાગ્ય ન હોય ને એકલી ભક્તિ હોય તો પણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે. એટલો ધર્માદિક થકી ભક્તિનો વિશેષ છે.'

લોયાના ૧૬માં વચનામૃતમાં કહ્યું છે કે : "માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ તે જેને હોય તો દોષમાત્ર ટળી જાય છે. અને તેને જ્ઞાન વૈરાગ્ય અને ધર્મ એ ન હોય તો પણ એ સર્વ ભક્તિથી આવે છે. માટે ભક્તિ એ સાધન સર્વમાં મોટું છે.

હે ભક્તો ! ભાગવતજીના માહાત્મ્યના પહેલા અધ્યાયમાં નારદજી કહે છે કે જેના હૃદયમાં ભક્તિ નિવાસ કરીને રહે છે. તેવા ભક્તને સ્વપ્રમાં પણ યમના દૂતો નથી દેખાતા તો પછી જાગ્રતની તો વાત જ શી કરવી ? તેવા ભક્તો ને ભૂતપ્રેતો પણ સ્પર્શ કરતા પણ ડરે છે. ભગવાન કોઈ બીજા સાધનોથી વશ થતા નથી પણ કેવળ ભક્તિથી વશ થાય છે.

શ્રીહરિ વ્યાપક સર્વત્ર સમાન

- ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)

જય શ્રી સ્વામિનારાયણ મહામંત્રના જાપ સાથે સૌ :-

"હરિની મરજાદામાં રહે નિત્ય રે,
ધર્મનિમ પાળે રૂડી રીતે રે ।
લોપે નહિ આજ્ઞા લગાર રે,
ચાલે પ્રભુ વચન અનુસાર રે ॥
હોય આજ્ઞાકારી અંગ રે,
કેદિ ન કરે આજ્ઞાનો ભંગ રે ।
એવાથી થાય કલ્યાણ રે,
કહી બીજાની સાંભળ્ય સુજાણ રે ॥
મત્સ્ય પ્રભુનાં મત્સ્ય જ કહીયે રે,
તેથી કહો કલ્યાણ કેમ લહિયે રે ॥
મારે તોળી તપાસવું વેલે રે,
કલ્યાણ પ્રભુ કે પ્રભુને મળેલ રે ।
તેહ વિના કલ્યાણ કાચું રે,
કહે નિષ્કુળાનંદ એ સાચું રે ॥

(કલ્યાણ નિધિ-નિર્ણય-૮)

શ્રીહરિની આજ્ઞાનું પાલન એ જ ઉપાસનાનું શુધ્ધ સ્વરૂપ છે. માટે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના વચનોનું પાન કરી આપણે અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે, અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હાજર રહેવું છે." એવો દૃઢ સંકલ્પ કરી મોટા પુરુષે બાંધેલી જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતા નથી માટે ત્યાગી છે તેને ત્યાગીના અને ગૃહસ્થ હરિભક્તે ગૃહસ્થના ધર્મ પ્રમાણે શ્રીહરિની આજ્ઞામાં વર્તવું છે. પણ બાધ આવે એ રીતે ઓછું કે વધુ ન વર્તવું." અને શ્રીહરિની આજ્ઞા "સ્વધર્મનો મારા આશ્રિતોએ ક્યારેય ત્યાગ ન કરવો, અક્ષર બ્રહ્મ સાથે પોતાના આત્માની એકતા કરવી. ભગવાન સિવાયના પદાર્થ માત્રને વિષે લેશ પણ પ્રિતી રહેવા દેવી નહિ, દિવ્ય તેજ પુંજમાં વિરાજમાન દિવ્ય મૂર્તિ વાસુદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિષે ભક્તિ કરવી અને એ પ્રગટ પ્રભુનું માહાત્મ્ય જાણવા સાચા સત્પુરુષોનું સેવન કરવું." (સ.જીવન પ્ર.૫, અ.૫૫, શ્લોક-૨૮) ને તેમના જીવનનું રહસ્ય તે જ્ઞાન છે. તેથી શાસ્ત્રમાં સત્પુરુષનો સમાગમ એ મોક્ષનું દ્વાર છે એમ કહ્યું છે. જેને ભગવાનનો નિશ્ચય થાય છે તેને શાસ્ત્રે કરીને જ થાયછે. કાં જે શાસ્ત્રમાં પરમેશ્વરના પણ લક્ષણ કહ્યાં હોય અને સંતના પણ કહ્યાં હોય છે. પુરુષોત્તમ નારાયણની દૃઢ ઉપાસનાવાળા શાસ્ત્રનાં રહસ્યને ઈંદ્રિયો અંતઃકરણ અને અનુભવે કરીને જાણનારા, અને જ્ઞાનને વિષે દૃઢ સ્થિતિવાળા ભગવાને બાંધેલી સંપ્રદાયની ધર્મ મર્યાદામાં અખંડ વર્તનારા એવા સત્પુરુષને ઓળખીને સમાગમ કરવો. તેથી તો સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી પણ કહે છે :

"શ્રુતિ સ્મૃતિ સબ હી મીલ
ગાવત સંત સમાગમ સાર,
ભવસાગર તરવાને કારણ
નાવ રચ્યો કિરતાર."
માયાનો જન તો જ મટે,
જો હરિજન શરણો જાય,
બ્રહ્માનંદ કહે વાર ન લાગે,
તરત જીવ શિવ થાય,
મહાપદ પામી રે, પાછો
કે દિ ન વળે."

આમ સાચા સંત ભગવાનના સ્વરૂપમાં જીવને જોડે છે. તેથી તો શ્રીહરિએ કહ્યું છે, " મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું." (ગ.પ્ર.૬૮) માટે શ્રીહરિની શિક્ષાપત્રી આજ્ઞા ધ્યાનમાં લઈ સત્સંગ કરવો.

આ રહી તે આજ્ઞા :-

भक्ति वा ज्ञानमालम्ब्य
स्त्रीद्रव्यरसलोलुभाः
पापे प्रवर्तमानाः स्यु कार्यस्तेषां न
संगमः ॥२८॥

પ્રભુપદની પ્રાપ્તિ માટે નિર્માની સ્વભાવ રાખી શ્રીહરિની આજ્ઞા પ્રમાણે ધર્મકુળ આશ્રિત આચાર્યો-સંતોની ચરણ રજમાં બેસવાનો આગ્રહ મેંગણીના રાજા માનસિંહ જેવો સદાકાળ રાખીએ તો પરમાનંદ પરમાત્માની શુધ્ધ ઉપાસનાવાળા સત્પુરુષોની દૃષ્ટિ પડવાથી જીવાત્મા

સંતના સ્વલ્પ સમાગમથી શુભ સંસ્કારી, સદાચારી અને ધર્મ જ્ઞાન અને ધ્યાની મૂર્તિ જેવો ભગવાનનો એકાંતિક ભક્ત બની જાય છે. નારદજીના સમાગમથી હિંસાવૃત્તિ ધરાવતો વાલિયો ભિલ્લ વાલ્મિક ઋષિ થઈ ગયા. આ જગ વિદિત્ છે. અને કળિકાળમાં જોબનપગી જેવો લૂંટ, ચોરી, ખૂનામરકી કરનાર વરતાલો, સંતસમાગમથી સત્સંગમાં શ્રીહરિના સદાચાર ધર્મમાં જોડાઈ સૌનો આદરપાત્ર ભક્તરાજ બની ગયો.અને કમઢિયા ગામનો મુસલમાન સિન્ધી ક્રૂરતાની મૂર્તિ સમાન કાયાભાઈ સંતસમાગમ થયો તે નિર્દયી જીવાત્મા ધ્યાની મૂર્તિ, નિર્માનની મૂર્તિ સમો સૌનો આદરપાત્ર ભક્તરાજ બની ગયો. એ સર્વે વાતનું રહસ્ય સંત સમાગમમાં સમાયેલું છે. જુઓ તો ખરા કેવા નિર્દયી હતા પણ શ્રીહરિના સંતોના સમાગમથી કેવા નિર્માની બની ગયા. એક સમયની વાત છે. દિવસે લાખો રૂપિયા-સોના - ચાંદીની ચોરી કરનાર જોબનપગી શ્રીહરિને સંતો સાથે આણંદ શહેરમાંથી પસાર થાય છે. જેનું નામ સાંભળતાજ લોકો ડરતા તે જોબનને શ્રીહરિએ માથે વસ્ત્ર મૂકાવી પોતાનું મુખ બતાવ્યા સિવાય આણંદના બજારમાંથી પસાર થવાની આજ્ઞા કરી છે. અને તે સમયે શ્રીહરિના સંતો પર ધૂળ-પથ્થર-કાંકરા લોકો ઉડાડે છે. પણ - જોબનનું આજે સંત સમાગમથી ક્રૂરતાનું જોબન મરી પરવાર્યું છે. અને શ્રીહરિને કહે છે, "પ્રભુ, મને મોં પરનું વસ્ત્ર દૂર કરવા દો." ત્યારે ક્ષમાની મૂર્તિ સમા શ્રીહરિ "જોબનને ક્ષમા અને ધૈર્યની મૂર્તિ" બનાવી કહે છે- ક્ષમા એ જ સાધુનો ધર્મ છે. અને "પરમેશ્વરના વચનને મૂકીને જ્યારે આડો અવળો ડોલે છે ત્યારે કલેશને પામે છે.અને જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાયછે. ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાયછે." (ગ.પ્ર.૩૪).

કાયાભાઈ એક વખત હરજી ઠક્કર સાથે ગઢપુરમાં મંદિરના ચોકમાં વાતો કરતા હતા, તેમાં અચાનક પાછા પડતાં કાયાભાઈનો પગ કૂતરાની પૂંછડી પર પડ્યો, પૂંછડી દબાઈ કૂતરે ઊંવા ઊંવા કર્યું ત્યારે કાયાભાઈએ કરુણા દૃષ્ટિથી કૂતરાને દંડવત્ પ્રણામ કરવા મંડ્યા, ત્યારે હરજી ઠક્કરે પૂછ્યું, આ શું કરો છો ? ત્યારે કાયાભાઈએ કહ્યું, "આ કૂતરું ભલે પશુ હોય, પણ પૂર્વનો મહાન સંસ્કારી જીવ હોવો જોઈએ. જેથી મંદિરમાં શ્રીહરિની તથા સંતોની ચરણરજમાં આવી બેસે છે, માટે તેનો અપરાધ કે દ્રોહ કેમ થાય ? શ્રીહરિએ વચનામૃતમાં કહ્યું છે, સંતસમાગમથી ક્રૂર, ઘાતકી જીવ પણ દયાળુ પવિત્ર અને સર્વમાં પૂજ્ય બુધ્ધિવાળો પરમ એકાંતિક ભક્ત થઈ જાયછે. તેથી તો સંત સમાગમનો મહિમા શાસ્ત્રમાં ગવાય છે.

"ગંગા પાપં શશી તાપં દૈન્યં
કલ્પદ્રુમસ્તથા ।
પાપમ્ તાપમ્ ચ દૈન્યં ચ હન્તિ સાધુ
સમાગમા : ॥

શ્રીહરિએ પણ કહ્યું છે, ભગવાનને ભગવાનના ભક્ત ને દ્રોહ કરવાથી જીવનો પ્રાણનો નાશ થઈજાયછે. માટે કોઈની નિંદા કે પ્રશંસા ન કરતાં" શ્રીહરિના ગુણગાન કરવાનો નિયમ લઈએ તો જ સત્સંગનું સુખ મનાય ને શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત થાય.

સત્સંગ સમાજ જોગ

ચરાડવા ગુરુકુળના સંચાલક શાસ્ત્રી લક્ષ્મીનારાયણદાસ તથા સ્વામી ઘનશ્યામપ્રકાશદાસ તથા સ્વામી અક્ષરપ્રકાશદાસ ત્રણેય વ્યક્તિઓએ સ્વેચ્છાએ ત્યાગી દીક્ષા તથા ભગવા વસ્ત્રનો ત્યાગ કર્યો હોવાથી તેઓને મૂળી સ્વામિનારાયણ મંદિરના ત્યાગીપંચે તેમના ત્યાગી તરીકેના બધાજ હક્કો કેન્સલ કરેલા છે. તેથી તેઓ ચરાડવા ગુરુકુળના સંચાલક તરીકે પણ હવેથી તેઓ નથી. ટ્રસ્ટના બંધારણ નિયમ પ્રમાણે તેઓ હવેથી ટ્રસ્ટી પણ નથી. જેથી તેમની સાથે કોઈએ પણ ચરાડવા ગુરુકુળનો કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ચરાડવા રાધાકૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ અમદાવાદ મંદિરના ટ્રસ્ટી પ.ભ. શ્રી દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલની નિયુક્તિ કરેલ છે.

સાચું સુખ સત્સંગના સગપણમાં

- પટેલ ગાંડાભાઈ મોહનલાલ (કોલ્હાપુર)

શ્રીજી મહારાજનું શ્રી જનમંગલ સ્તોત્રમાં દરેમાં ક્રમે અતિ પાવનાય નમઃ, મંગળકારી નામ આપેલ છે. શ્રીજી મહારાજ પોતે શુદ્ધ પવિત્ર અને કૃપાળુ પાવનકારી જ છે. તેથી તેમના સંપર્કમાં જે કોઈ જડ કે ચેતન આવે તે સર્વે પવિત્ર જ બની જાય. તે એક સહજ મહિમા છે. જેમ કે પારસમણી હોય તે ગમે તેવી ધાતુ ને સ્પર્શે તો તેને સોનું-કંચન બનાવીને મુકે છે. તેમજ પરમકૃપાળુ શ્રીજીમહારાજના સંબંધમાં ગમે તેવો જીવ ભલે ને તે નિંદનીય હોય કે પાપી હોય તો તે પવિત્ર અને વંદનીય બની જતો હોય છે. એટલે કે પાપી ને અધમ જીવોને પોતાના સંબંધથી, પોતાના દર્શનથી કે પોતાના સ્મરણ માત્રથી પવિત્ર કરનાર, તેઓ જ્યાં વિશ્રામ કરે, જ્યાં સ્નાન કરે, વસ્ત્ર, અલંકાર ધારણ કરે, જે વાહનમાં બેસે તે સર્વે પવિત્ર તીર્થ બનીને રહે છે.

શ્રીજીમહારાજ આ ધરતી પર પ્રકટ થયા ત્યારે તેમનો એકજ હેતુ હતો કે મારે સર્વ જીવોનું કલ્યાણ કરવું છે. મનવારો ભરી ભરીને મારે મારા ધામમાં સર્વેને મોકલવા છે. તેથી જ તેમણે જીવનભર વિચરણ જ કર્યું, સર્વે જીવોને દર્શન આપ્યા, સર્વેના મનોરથ પુરા કર્યા, કોઈને વિચારથી, કોઈને વાણીથી કોઈને હાથથી કોઈને પગથી કે કોઈને અંગુલી નિર્દેશથી પવિત્ર પાવન કર્યા.

અસન, ભૂસન, વસન, વાહન.
વાસન જેહ,
પુરૂષોત્તમને સ્પર્શતા થયાં શુદ્ધ તેહ,
માયિક તે અમાયિક થયાં, થયાં
ગુણમય ગુણાતીત,
સ્પર્શતાં પરબ્રહ્મને સૌ થયાં પરમ
પુનીત.

આમ શ્રીજીમહારાજે પોતાની પાવનતાને સર્વ સત્સંગમાં વેંચતા જ રહ્યા છે. તે જ્યાં જ્યાં રહેલા તે સર્વે દરબારો, હવેલી, મકાનો, ખેતરો વગેરે આજે તીર્થરૂપ બન્યા. તેમણે જ્યાં જ્યાં સ્નાનક્રિડા કરેલ તે સર્વે નદીઓ, સમુદ્ર કિનારા, સરોવરો, કુવાઓ કે વાવો - આરાઓ સર્વે ગંગા સ્વરૂપ છે. તેમણે જ્યાં વિશ્રાંતિ લીધી તે વૃક્ષો, બાગ-વાડીઓ. તે જેમાં બેસ્યા તે વાહનો, પ્રાણીઓ, કે તે જેમાં થાળ જમ્યા તે પાત્રો કે તેમણે પહેરેલી ચાખડીયો, પાઘડીઓ, વસ્ત્રો, દાગીના તે સર્વે ચીજો પ્રસાદી સ્વરૂપ પવિત્ર છે. તે સ્પર્શમાત્રથી પાવન કરે છે. તેથી તો જ્યાં જ્યાં આજે પણ આપણો સત્સંગી યાત્રાએ જાય છે તો મંદિરોમાં મૂર્તિનાં દર્શન-પૂજન કરે છે. પરંતુ સાથો સાથ ત્યાં પ્રસાદી સ્વરૂપ આવી પાવન અને પવિત્ર ચીજ વસ્તુઓનાં દર્શન અને સ્પર્શ કરીને પોતે ધન્યતા અનુભવે છે.

પછી તે છપૈયાની ભૂમિ હોય કે ત્યાંનું નારાયણ સરોવર હોય, કે હિમાલયનો પુલહાશ્રમ હોય, કે લોજપુરની પવિત્ર વાવ હોય કે પિપલાણાનું મહાદીક્ષાતીર્થ કે કાલવાણીનાં પાંચસો મુક્તોની દીક્ષા સ્થાન, કે દાદા ખાચરનો દરબાર કે ભૂજનું સુંદરજીનું ઘર કે ગંગારામ મલ્લનું મકાન, કે જેતલપુરનું ગંગાબાનું ઘર કે લીંબડીનું સગરામ વાઘરીનો કુબો, કે અમદાવાદનો નવો વાસ. આ સર્વે શ્રીજીના રહેવાથી અતિ પાવનકારી બનેલ છે. તેમજ તેમણે કરેલ સ્નાન સ્થાનનો મહિમા અપરંપાર છે. તે છપૈયાનું નારાયણસર કે હિમાલયની પવિત્ર નદીઓનાં સ્નાન કે પછી માંગરોળનું સમુદ્ર સ્નાન, કે ગઢડાની ઘેલાગંગાનું કિડાસ્નાન, કે વડતાલની ગોમતી સ્નાન કે જેતલપુરનું દેવસર કે અમદાવાદની સાબરમતી, કે જે જે ગામ-નગરમાં તેમણે વિચરણ કરેલ તે સર્વેના કુવા-તળાવ કે વાવો કે નાની મોટી નદીઓ તે પવિત્ર પાવન થઈને આજે પણ સત્સંગીને પાવન કરે છે.

જિયાં જિયાં વિચર્યા વાલમ રે,
કર્યા ઘર તે વૈકુંઠ સમ રે,
કર્યા જળ ગંગા સ્વરૂપ રે.

શ્રીજી મહારાજના સત્સંગનો તો એટલો પાવનકારી પ્રતાપ હતો કે

તેમના સંબંધમાં જે જે કોઈ આવ્યા તે ગમે તેવા મલીન કે પાપી કે દુઃખી હતા તે સર્વે મન, કર્મ અને વચનથી પવિત્ર થઈને શ્રીહરિના જીવનભર સેવક થઈને રહ્યા ને પોતાના જીવનું કલ્યાણ કરી ગયા.

લીંબલી ગામનો સગરામ વાઘરી પાકો સત્સંગી થયો. એક રાત શ્રીજી મહારાજ તેના કુબામાં સંતાઈ રહ્યા. જોબન લૂંટારો વડતાલ પંથકમાં જેની હાક વાગે તે શ્રીજીના દર્શનમાત્રથી તેમનો શરણાગત થઈને તેમનો સેવક થઈને રહ્યો. વેરાજી રજપૂત અઠંગ ચોર કે તેનામાં જરાય દયાનો છાંટોય ન હતો. તે શ્રીજીમહારાજના એક દિનના સંબંધમાં પાર્ષદ થઈને રહ્યો. ઉકાખાચરને દારૂ-માંસ વગેરે સર્વ વ્યસન હતાં, ચોરી લૂંટ પણ કરતા તે શ્રીજીના યોગે ગઢડા આવ્યા ને મળે તે ટેલ કરીને શ્રીજીનો રાજીપો મેળવ્યો. દરબાર વાળે ઝૂડેને સાફ કરે, માંદા સંતોની સેવા કરે. ભક્તો અને શ્રીજીની સેવા કરે, આમ કરી વિષય વાસના બાળીને ખાક કરી પાવન થયા. શ્રીજી તેમને 'ઘરના ધણી' કહેતા. આવા તો કેટલાય કાઠી કોળીને કણબી જાતિના ને સંસ્કારી અને સત્સંગી કરીને પાવન બનાવ્યા.

શ્રીજી મહારાજ ગઢડામાં જ્યાં રહેતા હતા તે ઓરડાનાં નળિયાંનું ધ્યાન કરાવી સ્વરૂપાનંદ સ્વામીની માંદગી દૂર કરેલ. વહેલાલના જેસીંગભાઈના માઢ તળેથી જે સ્વામિનારાયણ મંત્ર જપતો નિસરે તેનો અક્ષરધામમાં વાસ થાય તેવું વરદાન આપ્યું. જે ગાડાના બળદો સંતોની રસોઈ લઈને નર્મદા નદી પાર ગયેલા તે બળદોની મુક્તિ કરી. શ્રી મુક્તાનંદ સ્વામીએ અમદાવાદના દરિયાવખાનના ઘુંમટમાં રહેલ ત્યાંના ભૂત-પ્રેતને મુક્તિ અપાવી. કઠલાલનાં ડોશીના પાણીના ઘડામાં પગ બોળીને શ્રીજી મહારાજે તે જળ ગામના કુવામાં નંખાવી આખા ગામને સત્સંગી કર્યા. વિશ્રામ સુતાર દ્વારા એ સંકલ્પ માત્રથી અસંખ્ય કીડીઓને મુક્તિ અપાવી. અગણોતેરાના દુષ્કાળમાં કેટલાય ગામોમાં અક્ષય કોઠીઓની સ્થાપના કરી સત્સંગીઓને ઘરે સદાવ્રત ચલાવ્યાં.

નિષ્કુળાનંદ સ્વામી તો કહેતા હતા કે શ્રીજી મહારાજનો પવિત્ર સ્પર્શ થયેલ ચીજ વસ્તુઓ મહામોંઘી છે. તેવી ચીજો બ્રહ્માંડમાં ગોતવા જાઓ તો પણ ના મળે. તેથી તેવી પાવનકારી કોઈ પ્રસાદીની ચીજ વસ્તુ હોય તો જતન કરીને સાચવી રાખજો. વળી નિત્ય તેનો સ્પર્શ-દર્શન-સ્મરણ કરીને પુણ્ય મેળવીને પવિત્ર પાવન થજો. તે તમારૂં કલ્યાણ કરીને રહેશે.

આવા કલ્યાણકારી હેતુથી જ આપણા સંપ્રદાયના નિવૃત્ત પૂજ્ય શ્રી આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ છે તે જે જે પાવનકારી શ્રીજીની પ્રસાદીઓનું સારી રીતે જતન થઈ શકે, વળી તેનો મહિમા જે હોય તે સર્વની જાણમાં આવે. તેનો ઈતિહાસ સત્સંગીઓને ખબર પડે. સાથે સાથે તેની પવિત્રતા જળવાઈ રહે તે કાજે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની રચના કરી રહેલ છે. તે ભાવિ સંપ્રદાયને કાજે એક આશીર્વાદ સ્વરૂપ જ બની રહેશે તે નક્કી વાત છે. તો તે માટે દરેકે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સંકલ્પને વધાવીને તન, મન અને ધનથી સેવા કરીને જીવનનું મહામુલું શ્રેય સાધી લેવું. તે પુણ્ય કાર્ય છે. તેમાં તમારી સેવા એ તમારૂં કલ્યાણ જ છે.

શ્રીજી મહારાજતો એવા પારસ પાવનકારી છે કે તેમના સ્પર્શમાં કે સંબંધમાં જે કોઈ આવે તે પાવન થઈને જ રહે. તેટલું જ નહિ, તેમના પાવનકારી સંતો પણ એવાજ પ્રતાપી છે કે તેમના સંપર્કમાં જે કોઈ સત્સંગ કરે તે પણ એકાંતિક ભક્ત બનીને રહે ? શ્રીજી મહારાજ તો કહેતા કે અરે ! અમારા સત્સંગીના ઘરના ગોળાનું પાણી જે પીશે કે તેમના રોટલા ખાશે તે સર્વે પવિત્ર-પાવન થઈને રહેશે. અમારા શરણે આવી સત્સંગી બનશે અને અંતે અક્ષરધામને પામશે.

માટે જ આપણો સંપ્રદાય અને સત્સંગ તો એક કલ્પવૃક્ષ છે. તેની છાયામાં, સંબંધમાં જે કોઈ આવે તેનું પરમકૃપાળુ પરમાત્મા પાવનકરીને જ રહે છે. તે ચોક્કસ જ છે. તેથી જ સત્સંગનું સાચું સગપણ સમજીને તેનાં પાવન-પવિત્ર શુદ્ધ સહજ સુખડાં પામતા રહો.

●●●

સત્સંગનો ખપ

કનુભાઈ સી. મોદી (હિંમતનગર)

મનમાં નિષ્ઠા હોય તો જીવનની આખી રસમ બદલી શકાય. ખપ વિના આ જગતમાં કોઈ કાર્ય સિધ્ધ થતું નથી. આપણે પૈસાની જરૂર હોય તો પૈસાવાળાનો ખપ રાખવો પડે. જીવવું હોય તો ભોજનનો ખપ રાખવો પડે. અને જો આત્માનું કલ્યાણ કરવું હોય તો સત્સંગનો તથા ભગવાનનો ખપ રાખવો અત્યંત જરૂરી છે. તે શ્રીજી મહારાજે લોયાના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે. "અમારો સ્વભાવ કેવો હતો ? તો ગોદોહન માત્ર એક સ્થાનકમાં રહેવાય પણ વધુ રહેવાય નહિ એવા ત્યાગી હતા. અને વૈરાગ્ય અતિશય હતો અને શ્રી રામાનંદ સ્વામી ઉપર હેત પણ અસાધારણ હતું. તો પણ સ્વામીએ ભુજનગરથી કહી મોકલ્યું જે, જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે. એમ મયારામ ભટ્ટે આવીને કહ્યું ત્યારે અમે થાંભલાને બાથ લીધી. ત્યાર પછી તેમણે કહ્યું જે મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો પછી અમે સ્વામીના દર્શન થયાં પહેલાં નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા."

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણી ગ્રંથમાં કહ્યું છે કે -

"કેતુ હેતુ સંતકે રહત પવન આધાર
તૈસે સંત શિરોમણી ચલત આજ્ઞા અનુસાર."

દરેક મંદિરોના શિખરો ઉપર ધજા સૌથી ઊંચે હોય છે. તે પવનની આજ્ઞામાં રહે છે. માટે જેણે ભગવાન મેળવવા હોય તેણે સત્સંગનો આવો ખપ જોઈએ.

"નાવકે કાગડો ગતિ ભઈ મોરી
જહાં દેખુ તહાં જલનિધિ ખારા
મેરે તો એક તુમહિ આધારા."

સદ્.મુક્તાનંદ સ્વામી

એક સ્ટીમરમાં ખજૂર ભરી હશે તેની લાલચે એક કાગડો સ્ટીમરના વાંસડા પર બેઠો પછી વહાણતો બંદરથી ઉપડી ગયું. પણ કાગડો તો ત્યાંનો ત્યાં બેસી રહ્યો. એમ કરતાં કરતાં મધ દરિયે વહાણ જઈ પહોંચ્યું. પછી તો એકે બાજુ કિનારો ન દેખાય ને ઝાડ પહાડ પણ ન દેખાય. હવે એ કાગડાને ઊડીને જતું રહેવું હોય તો એને બેસવાનો બીજો આધાર ક્યાં મળે ? ઉડી ઉડીને વળી વળીને પાછો એની એ સ્ટીમરના વાંસડા પર બેસે. કારણ બીજે કોઈ દ્રષ્ટિ પહોંચે નહિ. તેમ એક કેવળ ભગવાનની શરણાગતિ રૂપ આધાર દરેક મુમુક્ષુઓને થઈ જવો જોઈએ. ભગવાન જ આપણા પરમગતિ રૂપ હોવા જોઈએ. કાગડાને સ્ટીમનો [illegible] ખપ જાગે. તેવી તમન્ના ને ખપ આપણને ભગવાન માટે થવો જોઈએ. એવો ખપ જાગ્યો હોય તો પછી એનાથી આજ્ઞા લોપાય જ નહિ. એ કોઈ દિવસ મનનું ધાર્યું કરેજ નહિ. તે શ્રીજી મહારાજે સાચા આશ્રયનું - સાચી શરણાગતિનું લક્ષણ શું હોય તે કહ્યું છે.

શ્રીજી મહારાજના સમયમાં ૫૦૦ પરમહંસો અને બીજા ગૃહસ્થ હરિભક્તો એ શું કર્યું હતું ? એક શ્રીજી મહારાજના વચન ઉપર બધું ન્યોછાવર કરી દીધું હતું. કોઈએ એમણે મનનું ધાર્યું કર્યું ન હતું. એ ખરેખરા સર્વ કર્તા ભગવાનને જાણી શક્યા કહેવાય. સર્વ કર્તા હર્તા કોઈ નાખી દીધા જેવો શબ્દ નથી. જેણે સર્વ કર્તા હર્તા ભગવાનને જાણ્યા હોય એને તો સુખમાં કે દુઃખમાં બીજો સંકલ્પ પણ ન થાય. જગતમાં તો બધા જીવો કર્તા બની જાય છે. તે માટે ટાઈમ ટેબલ કરે, કામની વહેંચણી કરે. એક સોય બનાવવાનું કારખાનું જુઓ તો પણ તેમાં કેટલા બધા માણસો કામ કરતા હોય છે. નિશાળમાં કે કોઈપણ જીવનના ક્ષેત્રમાં જુઓ તો બધા જ પોતે તે તે ક્ષેત્રમાં કર્તા પોતાની જાતને માની બેઠા દેખાય છે. પણ ખરી રીતે અનંત કોટિ બ્રહ્માંડમાં એક જ કર્તા છે. અને તે પુરુષોત્તમ નારાયણ સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાન છે. એનાથી અક્ષર પર્યંત કોઈ સ્વતંત્ર નથી.

ભગવાન કેવા દયાળું છે તે એમણે તો કૃપા કરીને ભક્તિ અને મુક્તિ બેય સાથે જ મળે એવો ધુરંધર માર્ગ

(અનુસંધાન પાના નં ૧૯ ઉપર)

હું ભગવાન હઈશ તો કોઈની નસકોરી નહિ ફુટવા દઉં

- જયંતીભાઈ કે. સોની (મેમનગર-અમદાવાદ)

વ્હાલા ભક્તો ! મહારાજમાં જે દિવસે મન સ્થિર કરી સત્સંગનાં નિયમમાં રહેવાશે તે દિવસે સુખના ડુંગરો થઈ જશે. મહારાજ હાલ સત્સંગમાં પ્રગટ પ્રમાણ અને પ્રત્યક્ષ બિરાજમાન છે. અને અખંડ મારી સાથે છે તેવા ભાવથી પ્રગટપણાની નિષ્ઠાથી ભજન કરવું. મહારાજ સદૈવ આં સત્સંગમાં પ્રગટ બિરાજે છે. હરેક પળે સર્વ રીતે પોતાના આશ્રિતનું રક્ષણ કરે છે. (બ્રહ્માની) અડથી આવરદાની પ્રાર્થના પછી આ ચરણારવિંદ આપણને પ્રાપ્ત થયા છે. અહો કેવા દુર્લભ ? જીવનમાં પહેલી અને છેલ્લી એક જ વાત દૃઢ કરે કે નિયમ, નિશ્ચય અને પક્ષ આ ત્રણેયને મજબુત કરી શ્રીજીની પ્રસન્નતા તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મેળવી આત્યંતિક કલ્યાણ સાધી લેવું છે.

ગઢપુરમાં શ્રીજીમહારાજે અક્ષરધામમાં જાવનો મનમાં નિશ્ચય કરીને મંદવાડને ગ્રહણ કરતા હવા ખાવા પિવાનું અનિયમિત કરી દઈ શરીર સુકવાઈ દીધું. આ સમયમાં શ્રીજી મહારાજના દર્શને ભાયાત્માનંદ સ્વામી આવ્યાને શ્રીજીને કહેતા કે આ મરવા માટે શો ઢોંગ આદર્યો છે. માટે ખાઈ પીને આનંદ કરો, અને અમને આનંદ આપો. જો કદાચ તમો ધામમાં જશો તો અમો પણ તમારી પછવાડે મરીશું. વળી સ્વામીએ કહ્યું કે તમારા પહેલા આ જગતમાં પિતાંબર નામનો બ્રાહ્મણ ભગવાન થયો હતો તેણે દેહ મુક્યો ત્યારે તેની ચિતામાં તેના સત્તાવીશ શિષ્યો પડીને મરી ગયા. માટે દેહ મુકીને ધામમાં જવાનો સંકલ્પ મુકી દો. ત્યારે ભાયાત્માનંદ સ્વામીને શ્રીજી મહારાજે કહ્યું **કે જો હું ભગવાન હઈશ તો કોઈની નસકોરી પણ નહિ ફૂટવા દઉં.** આયુષ્ય આવી રહ્યું હશે તો પણ તેની આવરદા વધારીશ આવી રીતે પ્રતિજ્ઞા કરીને શ્રીજી મહારાજે આચાર્ય, બ્રહ્મચારી, સંત, પાર્ષદ, હરિભક્તો વિગેરેની સભા કરીને સર્વેને પોતાનો ધામમાં જવાનો સંકલ્પ કહ્યો. જે સાંભળતા જ ઘણા ભક્તો મૂર્છા પામી પૃથ્વી ઉપર પડીને રોવા લાગ્યા. મહારાજે પોતાના યોગેશ્વરનાં પ્રતાપથી સર્વના શરીરમાં ધૈર્યતા ધારણ કરી અને સર્વ પ્રત્યે બોલ્યા કે મારી પછવાડે કોઈએ આત્મઘાત ન કરવો તથા ઝેર ન ખાવું તથા ગળેટુપો ન ખાવો વિગેરે ઉપાયોથી નહિ મરવાનો મનમાં નિશ્ચય કર્યો હોય તે સર્વે સભામાંથી ઉઠીને મારે પગે હાથ અડાડીને કહો કે અમે તમારી પછવાડે મરીશું નહિ. આ શ્રીજી મહારાજનાં વચન સાંભળીને સભામાં બેઠેલા સર્વેએ શ્રીજી મહારાજના ચરણનો સ્પર્શ કરીને કહ્યું કે અમો મરીશું નહિ. તે સભામાં સચ્ચિદાનંદ સ્વામીનાં શિષ્ય સિધ્ધાનંદ સ્વામીએ પણ શ્રીજી પછવાડે ન મરવાની પ્રતિજ્ઞા લીધી હતી. છતાં સભામાંથી વાડીએ ગયા ત્યારે ઉપરની સર્વ હકીકત પોતાના ગુરુ સચ્ચિદાનંદ સ્વામીને કહી અને કહ્યું કે આવતી કાલે શ્રીજી મહારાજ ધામમાં જવાના છે. તો શ્રીજી વિના આપણે બે જણ શી રીતે જીવીશું. શ્રીકૃષ્ણ ભગવાનના પટરાણી શ્રી રાધિકાજીને શ્રીકૃષ્ણ ભગવાનનો વિયોગ થતો ત્યારે શ્રી રાધિકાજીને પોતાનાં લલાટમાં લોહીનો ટસિયો આવતો ને આપણને તો શ્રીજી મહારાજનો વિયોગ થાય ત્યારે આખે શરીરે લોહી નીકળે છે માટે આપણે કેમ કરવું ? સચ્ચિદાનંદ સ્વામીએ પોતાના શિષ્ય સિધ્ધાનંદ સ્વામીને કહે તમારૂં ને મારુ ખાવાનું પત્તર લઈને વગડામાં જાઓ નેં થોરીયાનું દૂધ તથા આકડાનું દૂધ આ બે પત્તરમાં ભરી લાવો. આવું ગુરુનું વચન સાંભળીને થોરિયા વિગેરેનાં દૂધ બે પત્તરમાં ભરી લાવીને ગુરુ આગળ મૂક્યાં. પછી ગુરુ તથા શિષ્યે બંને જણાએ મરવા માટે તે થોરનું દૂધ પીધું પણ તે દૂધ મહારાજે અમૃત તુલ્ય કર્યું જેથી મરણ થયું નહિ. પછી સિધ્ધાનંદ સ્વામી દરરોજના નિયમ મુજબ શ્રીજી મહારાજનાં દર્શન કરવા ગયા ત્યારે શ્રીજી મહારાજે કહ્યું

કે કેટલાક ભક્તો અમારી પાસે આવીને અમારા ચરણ ઝાલીને નહિ મરવાની પ્રતિજ્ઞાઓ કરી છતાં થોરિયા વિગેરેના દૂધ મરવા માટે પીધાં. પણ શું અમે તેમને મરવા દઈએ ? ન જ મરવા દઈએ. સિધ્ધાનંદ સ્વામી મહારાજને કહે કે ઉપરનું કામ તો મેં કર્યું છે. માટે મને ક્ષમા કરો. ફરીથી આવું કામ નહિ કરૂ. તેથી શ્રીજી મહારાજે તેમને ક્ષમા બક્ષી. પછી શ્રીજી મહારાજે દેહોત્સર્ગ કરતા પહેલાં પાંડે શ્રી રામપ્રતાપજી મહારાજ તથા આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજ તથા મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી આદિક સંતોને તથા મુકુંદાનંદ આદિક બ્રહ્મચારીઓને તથા ભગુજી આદિ પાર્ષદોને તથા દાદા ખાચર આદિક હરિભક્તોને તથા જીવુબા, લાડુબા વગેરેને બોલાવીને શ્રીજીમહારાજે પોતાના સંકલ્પથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને બંને દેશના મધ્યસ્થ કરી બંને આચાર્યના હાથના કાંડા સોંપીને કહ્યું કે મેં સ્થાપન કરેલો ઉદ્ધવ સંપ્રદાય તેની મર્યાદાનું રક્ષણ કરજો અને બંને આચાર્યશ્રીની સલાહ આજ્ઞા પ્રમાણે કામકાજ કરાવજો. એટલી આજ્ઞા કરીને સંવત ૧૮૮૬નાં જેઠ સુદી દશમીનાં મધ્યાહને નટવર નટની માયા જેવો ખેલ કરીને પોતાનાં અક્ષરધામમાં પધારતા હતા. પછી શ્રીજી મહારાજને સંપૂર્ણ વિધિ સંપન્ન કરી વિમાનમાં બેસાડી વિમાન ઉપર અબીલ ગુલાલ નાંખી પછી બંને આચાર્યોશ્રીએ આરતી કરી શ્રીજીના વિમાન આગળ ઉત્સવ કરતા કરતા લક્ષ્મીબાગમાં લાવી હાલ જ્યાં મંદિર છે ત્યાં અગ્નિસંસ્કાર કરતા હતા. આ સમયે દાદા ખાચરને વિયોગ સહન ન થવાથી ગોપાળાનંદ સ્વામીએ દાદા ખાચરને બેઠકે મોકલ્યા. ત્યાં શ્રીજીમહારાજે દિવ્ય દેહે દર્શન આપીને દાદા ખાચરને શાંતિ પમાડી કહ્યું કે હું આલોકમાંથી ગયો નથી. સત્સંગમાં અખંડ રહ્યો છું. તેમ કહ્યું. દેહોત્સર્ગનાં દિવસે ઘણા જ હરિભક્તોને દિવ્ય દેહે શ્રીજીમહારાજે દર્શન આપ્યા છે. તે નીચે મુજબ છે.

(૧) દાદા ખાચર કહે, ગરીબ નિવાજ ગયા નથી. અહીં રહ્યા છે. અહર્નિશ આ સત્સંગમાં પ્રગટ બિરાજે છે જ.

(૨) ગુણાતીતાનંદ સ્વામીને મહારાજ કહે અમે ગયા નથી ગોલોકમાં ન અક્ષરધામ - અવિચળ આ સત્સંગમાં રહું છું આઠો જામ.

(૩) મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી કહે - નિંબવૃક્ષ નીચે પ્રભુ અતિ લેતા આનંદ, તેથી તે તરૂતળ રહે સદાય સહજાનંદ.

(૪) બ્રહ્માનંદ સ્વામી - કહે બ્રહ્માનંદીશ્વર પતિ - લહે ન બ્રહ્માનંદ, બ્રહ્માનંદ ઉરે થયો, અદ્‌ભુત બ્રહ્માનંદ.

(૫) અક્ષર ઓરડીમાં શુકમુનિ કહે - શુકમુનિને ચિંતા ટળી, અલૌકિક આશ્ચર્ય, પ્રગટ બિરાજે છે પ્રભુ, આ સ્થળમાં મુનિવર્ય.

(૬) અક્ષર ઓરડીમાં મુકુંદવર્ણી કહે - મુકુંદવર્ણી મર્મ એ સમજ્યા તે ભલી ભાત, અક્ષરઓરડીએ પ્રભુ સદા વસે સાક્ષાત્.

(૭) વડોદરાનાં વૈદ્ય શાસ્ત્રી રામચંદ્ર કહે - વૈદ્યરાજ વિસ્મિત થઈ ઉચ્ચરે મુખથી આમ, નાડી દેખાડી મને - છેતરિયો સુખ ધામ.

(૮) ધોલેરાના ગરાસીયા કુલીબા કહે - કુલીબા પ્રફુલ્લિત થઈ, ગયાં દુરગપુર આપ, શ્યામ સ્વધામ ગયા સુણી ઉર ઉપજ્યો પરિતાપ.

(૯) પીપલાણાંનાં વિપ્ર લાડુબા કહે - તરત સમાધિમાં થયાં, લાડુબા, ઈલેલીન, અવિનાશી અક્ષર ગયા, જોઈ થયુ મન ખિન્ન.

(૧૦) પાણવીના ભક્તરાજ પુંજા ડોડીયા કહે - પવિત્ર પુંજો ડોડીયો, તેને ગરીબ નિવાજ, ગયા તેડી દિન તેરમે, મધ્યાહ્‌ને મહારાજ.

(૧૧) રામકૃષ્ણ ગોવિંદ બોલતા સંત કહે - સંત કહે સૌ બોલીએ, રામકૃષ્ણગોવિંદ, એ અવસરે આવે સદા - સ્વામી સહજાનંદ.

(૧૨) શ્રી રઘુવીરજી મહારાજના પત્નિ વિરજાબા કહે - વિરજાબા વિસ્મિત થઈ, અંતર કરે વિચાર, પ્રગટ બિરાજે છે પ્રભુ દાદાને દરબાર.

આવી રીતે મહારાજ દેહોત્સર્ગ કરી આ સત્સંગમાં સદાયને માટે પ્રત્યક્ષ બિરાજી આશ્રિતજનોનાં સઘળા મનોરથ પુરા કરી અંતે અક્ષરધામના સુખની પ્રાપ્તિનું અભય વરદાન આપે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની આરતીની સંક્ષિપ્ત સમજણ

- ચૌધરી રમણભાઇ (ઇશ્વરપુરા)

આ આરતીની રચના પરમબ્રહ્મનિષ્ઠ સંતશિરોમણી મુક્તાનંદ સ્વામીએ પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને સંબોધીને બનાવી હતી.

આ આરતીમાં એટલું તત્વજ્ઞાન ભરેલું છે કે તે પુરેપુરું સંકલન કરવું એ બહુ મુશ્કેલ છે છતા ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી મને જેટલો અર્થ સમજાયો છે. એનું વર્ણન ટૂંકમાં અત્રે કરેલ છે. જે સર્વ જિજ્ઞાસુ સત્સંગ પ્રેમીઓને ગમશે.

જય સદ્‌ગુરૂ સ્વામી પ્રભુ જય
સદ્‌ગુરૂ સ્વામી
સહજાનંદ દયાળુ (૨) બળવંત
બહુનામી

આ પંક્તિમાં સદ્‌ગુરૂ શ્રી મુક્તાનંદ સ્વામી એમ કહેવા માંગે છે કે આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન મહા સમર્થ અને સદ્‌ગુરૂઓના પણ ગુરુ છે, સહજમાં આનંદ આપનાર શ્રી સહજાનંદ સ્વામી અતિ દયાળુ, મહાપ્રતાપી, અનંત નામવાળા એવા શ્રી સહજાનંદ સ્વામીનો સર્વત્ર જયજયકાર થાઓ.

ચરણ સરોજ તમારા વંદુ કર જોડી
ચરણે શીશ ધર્યાથી (૨) દુઃખ
નાખ્યા તોડી

ભગવાન અનંતકોટી બ્રહ્માંડના નાયક અક્ષરાધિપતિ છે. એટલે એમની સેવામાં સર્વે દેવદેવીઓ હોય છે. અને બ્રહ્માંડની એવી કોઈ વસ્તુ નથી જેની ભગવાનને જરૂર હોય. કારણ કે ભગવાને તો એવી અનેક સૃષ્ટિઓ બનાવેલ છે. તો એમને શાની જરૂર હોય. આપણે જે કંઈ અર્પણ કરીએ છીએ એ આપણા હૃદયનો ભાવ હોય છે. ભગવાન તો આપણો એમના તરફનો પ્રેમ જ જોતા હોય છે. કારણ કે ભગવાન પ્રેમ સ્વરૂપ છે. અને એટલે પ્રેમથી અંતરના પોકારથી ભગવાનના ચરણે મસ્તક નમાવવાથી ભગવાન આપણા દુઃખો દૂર કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની હયાતીમાં તો અસંખ્ય મનુષ્યોના દુઃખ દૂર કર્યા હતા. પરંતુ એમના સ્વધામ પધાર્યા બાદ પણ અસંખ્ય મનુષ્યોના દુઃખો દૂર થયેલા છે. અને ભવિષ્યમાં થતા રહેશે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં દિવસે દિવસે હરિભક્તોની સંખ્યા કૂદકે ને ભૂસકે વધતી જાય છે. એ એની પ્રતિતી છે.

નારાયણ નરભ્રાતા દ્વિજકુળ તનુધારી
પામર પતીત પધાર્યા (૨) અગણિત
નરનારી

ભગવાન શ્રી સ્વામિનારાયણ એટલે નારાયણ ઋષિ. નાર એટલે હૃદય અને અયન એટલે રહેઠાણ. ભગવાનનો વાસ આપણા હૃદયમાં છે. ભગવાન દરેકના હૃદયમાં રહેલા છે. આપણા ઘરમાં વીજળી તો છે જ. પરંતુ જ્યાં સુધી સ્વીચ ન પાડીએ ત્યાં સુધી લાઈટ ચાલુ ન થાય. પંખો ચાલુ ન થાય. એવી રીતે ભગવાન આપણા હૃદયમાં છે. પરંતુ જ્યાં સુધી સ્વીચ ઓન ન કરીએ ત્યાં સુધી એમના દર્શન થાય નહી. મનના દરવાજા ઉઘાડીએ તો જ ભગવાનના દર્શન થાય. ભગવાન નરભ્રાતા છે. એટલે વ્યક્તિ વ્યક્તિના ભ્રાતા છે. નર ઋષિના ભાઈ એટલે વ્યક્તિના હિતેચ્છુ છે. માટે ભગવાન આપણું અહિત ક્યારેય પણ કરતા નથી.

દ્વિજકુળ એટલે બ્રાહ્મણકુળમાં તનુધારી એટલે શરીરધારી ભગવાન બ્રાહ્મણકુળમાં જન્મ ધારણ કરીને પામર અને પતીત એટલે પાપી લોકો હતા તેમને ધર્મ શું છે ? આચાર-વિચાર શું છે ? જીવન શું છે ? વગેરેની કંઈ પણ સમજણ ન હતી. એવા અનેક લોકોને ભગવાને પોતાને શરણે લઈ એમનો ઉદ્ધાર કર્યો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયમાં એક નાની શિક્ષાપત્રી લખેલ છે. અને એમાં આચાર્યશ્રી, સાધુ-સંતો, હરિભક્તો વગેરે સર્વેને પાળવાના નિયમો બતાવ્યા છે. આ નિયમો અનુસાર જે કોઈપણ ચાલે તો ભગવાન તેની સાથ જ છે અને એનો ઉદ્ધાર નક્કી જ છે.

નિત્ય નિત્ય નૌતમ લીલા કરતા અવિનાશી
અડસઠ તીરથ ચરણે કોટી ગયા કાશી

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ ધરતી ઉપર આવ્યા ત્યારે દરરોજ નવી લીલાઓ કરતા હતા. આ લીલાઓ પરમહંસોના અને હરિભક્તોના આનંદ માટે કરતા હતા. ભગવાનનો નાશ કદી હઈ શકે નહિ. એટલે એમને અવિનાશી કહ્યા છે.

ભગવાનના ચરણમાં અડસઠ તીર્થ છે અને કોટી એટલે કરોડવાર કાશી જવાનું પુણ્ય મળે છે. માટે ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કર્યા એટલે અડસઠ તીર્થની યાત્રા થઈ ગઈ એમ સમજવું અને કરોડ વખતના કાશીના દર્શનનું પુણ્ય મળી ગયું. એમ જાણવું. પરંતુ દર્શન હૃદયના પ્રેમથી થવાં જોઈએ. મનના ઉંડાણથી દર્શન કરવા જોઈએ. તો જ પુણ્ય મળે.

પુરૂષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે
કાળ કરમથી છુટી કુટુંબ સહિત તરશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ પુરુષોત્તમ છે. જેમનું દર્શન કરવાથી વ્યક્તિ કાળ અને કર્મના બંધનથી છુટી જાય છે. પોતે તો તરી જાય છે. પણ કુટુંબને પણ તારે છે. આ સંપ્રદાયમાં અનેક દાખલા જીવંત છે કે વ્યક્તિના મૃત્યુ સમયે હરિભક્તોને ભગવાન અથવા સંતોના દર્શન થયા છે. હરિભક્તોને મરણ સમયે યમદૂતો નહી પણ ભગવાન અને સંતો જ લેવા આવે છે. ભગવાને આવો કોલ આપેલ છે. ભગવાનની આ અસીમ કૃપા છે.

ભગવાન ઉપરનો આપણો પ્રેમ એટલો ગાઢ હોવો જોઈએ કે ભગવાનનું મનમાં સ્મરણ કરવાથી આપણા હૃદયમાં આનંદની ઉર્મિઓ દોડવા લાગે.

આપણું હૃદય પ્રેમથી ભરાઈ જાય, આંખોમાંથી અશ્રુ વહેવા લાગે તો સમજવું કે ભગવાન આપણી સાથે છે.

આ અવસર કરૂણાનિધી કરૂણા બહુ કીધી
મુક્તાનંદ કહે મુક્તિ સુગમ કરી સિધ્ધિ.

આ અવસર એટલે કે આ કળીયુગમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કે જેઓ કરૂણાનિધી છે. એમણે આપણા ઉપર બહુ કરૂણા કરી છે. મુક્તાનંદ સ્વમી કહે છે કે આત્માની આત્યંતિક મુક્તિ અને અષ્ટસિધ્ધિ સુગમ કરી છે.

ભગવાને અનેક યુગોમાં અવતારો લીધા. પરંતુ આ અવતારોમાં તો હદ વટાવી દીધી છે. ભગવાનના અનેક નામો બોલાય છે. કારણ કે ભગવાન પોતે ગરીબ, અમીર, ધાર્મિક, અધાર્મિક, પામર, પતીત, પુણ્યશાળી અને પાપી એમ સર્વ પ્રકારના લોકો વચ્ચે રહીને સુખીયા કર્યા અને સર્વેનો ઉદ્ધાર કર્યો .આમ આ અવતારનું એ વૈષ્ઠિક છે.

આ અવતારમાં ભગવાને જીવો ઉપર એટલી કરૂણા વરસાવી છે કે એનો અંદાજ કાઢવો આપણી સમજણ બહારનું કામ છે. માટે આ કળીયુગમાં આપણે શું કરવાનું એ આપણે સમજવાનું છે. અને સમજીને એ પ્રમાણે ચાલવાનું છે.

ભગવાને બતાવેલ આજ્ઞાઓ પાળવાની છે. એ આજ્ઞાઓ બરાબર પાળીએ અને ભગવાનનું નામ સ્મરણ અખંડ કરતા રહીશું તો સમજવાનું કે ભગવાન આપણાથી દૂર નથી એક દિવસ ભગવાનના સાક્ષાત્ દર્શન થશે.

(પાના નં ૧૫નું ચાલું)

સત્સંગનો ખપ

પ્રવર્તાવ્યો. એ જાણતા હતા કે મુમુક્ષુ તો દેહના સુખની સાનુકુળતા પણ માગશે જ. એટલે એમણે બંનેની સાનુકુળતા કરીને જ આપી છે. શિક્ષાપત્રી પ્રમાણે વર્તે તે વ્યવહારમાં પણ સુખી રહેજ. આવા આશીર્વાદ આ વખતે આપ્યા છે. સાથે સાથે શાપ પણ આપી દીધો છે કે જે આ શિક્ષાપત્રીને ઉલ્લંધીને વર્તશે તે આ લોકમાં પરલોકમાં મહા દુઃખીયા થશે. હવે આપણે તો એકજ વિચાર રાખવો જોઈએ કે એમનો સમાશ્રય કરીને એમની આજ્ઞા પાળવા કટિબદ્ધ થવું જોઈએ. આ પ્રમાણે શિક્ષાપત્રીની આજ્ઞા જો અણીશુદ્ધ પાળીએ તો પછી આ જગતની સાનુકુળતા કે દેહના સુખ માટે પ્રાર્થના કરવાની જરૂર ન રહે. એ તો ભગવાનને માથે છે. પ.પૂ. લાલજી મહારાજશ્રીના યજ્ઞોપવિત સંસ્કાર વખતે આપણાં પૂ. ગાદીવાળાએ ભિક્ષામાં પૂ. લાલજી મહારાજને "શિક્ષાપત્રી" આપી, કેવી ઉચ્ચ ભાવના !

માયિક વસ્તુનું બંધન રાખવું નહી

- જયદિપ એચ. પટેલ (વિરાટનગર)

એકવાર કેટલાક કાઠી દરબારોએ મહારાજને ઘોડો ભેટ આપ્યો. ઘોડો રૂપેરંગે રૂડો અને ચાલમાં રુઆબદાર રાજવંશીને શોભે એવો ! મહારાજે થોડા દિવસ એ ઘોડા પર સવારી કરી. એવામાં એક વાર વાતવાતમાં એક કાઠી હરિભક્તે કહ્યું, મહારાજ ! લાખે આવો એકાદ ઘોડો જોવા મળે છે ! આખા કાઠિયાવાડમાં આજે આવી જોડ નહિ હોય !' મહારાજે કહ્યું શું કહો છો ? તો તો એ ઉત્તમ ચીજ કહેવાય ! બીજા કાઠીઓએ કહ્યું, ઉત્તમોત્તમ ! બેનમૂન ! મહારાજ ધીરેથી હસતા હસતા બોલ્યા "બે.... ન..... મૂ.....ન !" મહારાજ સાંજે ઘોડા પર સવાર થઈ નદીએ નાહવા ગયા. કાઠીઓ પણ સાથે હતા. બધાએ નદીમાં ખૂબ સ્નાન કરી આનંદ કર્યો. પછી મહારાજ વસ્ત્રો ધારણ કરી ગામ તરફ જવાની તૈયારીમાં હતા એવામાં એક ગરીબ બ્રાહ્મણ ત્યાં આવ્યો. એના પહેરવેશ અને મોં પરથી લાગતુ હતું કે એ ક્યાંક મદદની આશાએ નીકળ્યો છે. મહારાજની એના પર નજર પડી. મહારાજે એનું દુઃખ સમજી લીધું. એટલે ઘોડાની લગામ હાથમાં પકડી ધીરે-ધીરે મહારાજ એ બ્રાહ્મણ પાસે ગયા. અને નીચે ઉતરી ઘોડાની લગામ એના હાથમાં મૂકી બોલ્યા : "શ્રીકૃષ્ણાર્પણમ્ !" આ વચન સાંભળી કાઠીઓ ચોંક્યા અને બોલી ઉઠ્યા : હેં હેં ! મહારાજ ! આ શું કર્યું ? આવો જાતવાન ઘોડો બીજો નહીં મળે !" મહારાજે હસીને કહ્યું, "એટલે જ બ્રાહ્મણને દઈ દીધો ! ઉત્તમ - ચીજ બંધન કરે - ઉત્તમ ચીજ આપણને ન ખપે !" કાઠીઓને માટે તો ઘોડો જીવ જેટલો વહાલો ! બે દિવસ સુધી તો તેમને ખાવુ-પીવું પણ હરામ થઈ ગયું. પરંતુ એ વખતે મહારાજનો તો નિયમ હતો જ અને સંતોને પણ મહારાજે નિયમ આપ્યો હતો કે જે વસ્ત્ર-ચીજ પોતાને ગમે તે બીજાને આપી દેવું. પોતાના માટે તો મહારાજે એથી ય આકરી શરત રાખી હતી. તેથી બેનમૂન રોઝો ઘોડો બ્રાહ્મણને આપી દીધો. કાઠીઓ પણ સમજી ગયા કે મહારાજને પોતાને તો કશાયનો પરિગ્રહ નથી. એમનું ખાવુ-પીવું આનંદ-ઉલ્લાસ, એ સર્વે જે ક્રિયાઓ ભક્તોના સુખ-આનંદ માટે છે. આપણને સુખ થાય એ ખાતર મહારાજ આપણને અનુકૂળ થવાનું કરે છે. (પરંતુ તેમની આજ્ઞામાં રહો તો, ધર્મ-નિયમ શિક્ષાપત્રી મુજબ પાળો તો....) બાકી તેઓ પોતે તો દુઃખથી જેમ પર છે, તેમ સુખથી યે પર છે.

આ સમજાયું એટલે કાઠી હરિભક્તોએ શોક મૂકી દીધો, ને મહારાજની ઈચ્છાને અનુકૂળ થઈને રહ્યા. ત્યારે એમને જે સુખનો અનુભવ થયો તે પરથી તેમને ખાતરી થઈ ગઈ કે મહારાજની ઈચ્છાને અનુકૂળ થવામાં જ સાચું સુખ છે. આમ જ આપણે પણ જો મહારાજને અનુકૂળ થઈને રહીએ, શિક્ષાપત્રી મુજબ વર્તન રાખીએ, દેશ-વિભાગના લેખમાં મહારાજે જે આજ્ઞા કરી છે તેમ વર્તીએ તો જે સુખ મહારાજે એ સમયમાં સત્સંગીઓને આપ્યું તેવું જ વિશેષ સુખ આપણને હાલ મળી રહે ! જેમ કે શ્રીજી મહારાજે તો આપણને સ્વયં શ્રી નરનારાયણદેવ બાથમાં લઈને આપ્યા છે. એ જ શ્રી નરનારાયણદેવ અને આપણા પૂ. મહારાજશ્રીના દર્શન, એમનું સ્મરણ આ જીવને કાયમ માટે રહે તો આ જીવને અક્ષરધામની પ્રાપ્તિ સહેજે થાય. નહિતર પછી બીજા જીવની જેમ જ્યાં ત્યાં પાછો જન્મ ધરી વલખા મારવા જ રહે. આપણી શું હાલત થાય એ તો વિચારો જરા ! બીજા જીવને તો મહારાજ તરત જ મૂળ સંપ્રદાયમાં મૂકે એનો ઉદ્ધાર કરવા, પણ આપણને મૂળ સંપ્રદાયમાં હોવા છતાં આજ્ઞા ન માની તો પછી વિચારવું જ રહ્યું.

●●●

સત્સંગ સુરભિ

"ભવજળના દોણાંનો કાંઠો હરિએ હાથ ઝાલ્યો"

- અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા

મહારાજનું હેત છૂપું રહે નહિ. જે એમના થઈને રહે તેની સંગાથે એમને કાયમનું હેત. ટોળ-ટીખળ કરે અને તે સહન પણ કરે. વાંક-ગુનો જુએ તો પણ તે માફ. મહારાજનું હેત જ એવું કે જે પામે તે તો રાજી થાય જ પરંતુ બીજા અનેક ને એની ખબર પડે !

એવું હેત મહારાજે ડાંગરવાનાં જતન ફઈ ઉપર રાખ્યું. જતન ફઈ કણબી કુટુંબના હતાં.ઘેર ઢોર બાંધેલાં તેથી દહીં-દૂધની કશી કમી નહોતી. જતનબા ઘરનાં માણસોની જેમ ઢોરની ચાકરી કરે, દોહવા માટે જાતે જ બેસે. શેઢ કાઢતાં જાય ને મનમાં વિચારતાં જાય : "મૂંગું જનાવર છે તો પણ 'પાહવો' મૂકતાં વેત કેવું બોઘરણું છલકાઈ જાય છે ! શી એની ઉદારતા ! અને પશુને બે બોલ હેતનાં કહેતાં જાય. હાથની ક્રિયા તો ચાલ્યા કરે . પણ મનમાં જુદી જ શેડ્યો ફૂટતી રહે. આ દૂધ ને દહીં નાં દોણાં તો રોજે રોજ ભરું છું. તે મહારાજને ક્યારે ધરું ને ક્યારે સંતોના કામમાં આવે."

અને એકવાર એમની આશા ફળી. મહારાજ ડાંગરવા પધાર્યા. સાથે સંતો પણ હતા. હજી તો મહારાજ ગામને પાદર જ હતા ત્યાં તો કરજીસણ ગામના ગોવિંદ પટેલ આવી ચડ્યા. એમણે મહારાજને વિનંતી કરી કે, "મહારાજ ! તમને તેડી જવા આવ્યો છું મારું મન રાજી કરો."

મહારાજે ચોતરફ દૃષ્ટિ કરી. એમની ફરતે ડાંગરવાના ગામલોક ઊભાં હતાં. એમની સૌની ઇચ્છા હતી કે મહારાજ ગામમાં પધારે. પણ ગોવિંદ પટેલ જેવા ખમતી માણસ નોંતરે પછી મહારાજનો સંઘ જરૂર એમના ભણી વળી જવાનો, એમ સમજી સૌ ખિન્ન બન્યા. સર્વોપરિની અમી દૃષ્ટિથી આ વાત કેમ છાની રહે ?

મહારાજે કહ્યું "પટેલ હમણાં રાખો, અત્યારે તો ડાંગરવા આવ્યા છીએ તો અમને જે દહીં - દૂધમાં તરબોળ કરે તેને ઘેર જઈએ."

કેટલીક વાર માણસનાં પાછલાં પુણ્ય પ્રકાશે છે ત્યારે અણધારી તક આવે અને એ તક પારખી ને પુણ્ય ને બેવડાં કરી લે એવા વિરલા તો કોઈક જ હોય. ડાંગરવાને પાદરે મહારાજે એવી તક વહેતી મૂકી અને બાઈ જતને એ તક ઝડપી લીધી. એણે મેદનીમાં ઊભા ઊભા હળવેથી બોલ મૂક્યો, "મહારાજ ! મારે ઘેર પધારો. હું તમારા સૌ સંતોને દહીં-દૂધમાં તરબોળ કરી દઉં. બસ ગામમાં પધારો ને સૌને પાવન કરો."

મહારાજ ગામમાં પધારે તો અનેક જીવો એ પરમસુખ ને પામી શકે. એવી ભાવના સાથે જતન બોલતાં તો બોલી ગઈ. એ કંઈ નવું પણ નહોતું. રોજે રોજ હૈયામાં જે વલોવતી જતી હતી તે જ કહ્યું હતું. વર્ષોથી દૂધ-દહીં વલોવતાં વલોવતાં ભેગી કરેલી ભક્તિરૂપી ગોળીનું ઢાંકણ આજે અનાયાસે જ ઊઘડી ગયું હતું. અનંતકોટિ બ્રહ્માંડનો અધિપતિ આજે અતિથિ બનીને આવી પહોંચ્યો હતો ! હૈયું હર્ષઘેલું બન્યું હતું, ભીતરમાં ઘેરા સૂર ઘૂંટાતા હતા

આવો આવોને મહારાજ,
મહીડાં ચાખોને,
મારા બહુ દા'ડાની કોડ,
પૂરી કરજો ને.

એટલામાં મહારાજ બોલ્યા : "અને જો ખૂટે તો ફજેતીનો પાર નહિ રહે, ગામે ગામ આ વાત લઈ જઈશ, તમારા હોકારા કરાવીશ ! "

મહારાજ જાણે ભક્તની કસોટી કરવા માંગતા હતા. ગજા ઉપરાંતની ફાળ ભરવી નહિ. ઉમંગ તો થાય પણ એમાં તણાઈ ન જવું. હરિભક્તો એ માપ મેળવવું કે એમની લાકડીમાં સત્સંગ ને ટેકો દેવાની તાકાત કેવી આવી છે !

પણ જતન ફઈની વાત જુદી હતી. એમને પોતાની શક્તિની ગમ પડી

ગઈ હતી. મહારાજ અને મહારાજનાં સંતો પ્રત્યે એમને અસીમ શ્રધ્ધા હતી. જેના સંકલ્પ માત્રથી અનંતકોટિ બ્રહ્માંડો તૃપ્તિને પામી જાય એ આજ મારે ઘેર આવ્યા છે. એમને એમ પાછા થોડાં જવા દઉં ? એમણે ઝટ કરતા સામું વેણ નાંખ્યું : "ભલે મહારાજ, પણ જો વધે તો હું તમારા હેકારા કરાવું, હોં."

સૌ ચકિત થઈ ગયા ! બાઈની આ હિંમત ! જતન ફઈને તો એમને એમ હેત થયેલું. અને આવાં હેત ઘેલાં હોય તેમને તો જેવું હેયે તેવું હોઠે. એમને સાચવીને કહેતાં ન ફાવે. જતન બાઈએ મહારાજના પગલાં ગામમાં કરાવ્યાં.અને પોતે ફરતે ગામડેથી દૂધ ભેગું કરાવ્યું, ધોઈ વીંછળીને માટીની કોઠીઓમાં ભરાવ્યું, પછી રસોઈ કરાવી અને મહારાજ આગળ જઈને વધાઈ દીધી : "સંતોની પંક્તિ કરાવો, બધું તૈયાર છે."

મહારાજ ઊઠ્યા ને નહાઈ ધોઈ વસ્ત્ર બદલ્યાં. સંતોની પંક્તિ કરાવી ને દહીં દૂધ ના ઘડા ઝાલ્યા, એવા ફરવા લાગ્યા કે ક્યાંય ધાર ખેંચે જ નહિ, અખંડ ધાર વહેતી કરી, જાણે દૂધ દહીં ની નદીઓ વહેતી કરી દીધી ! ઝરૂખેથી જતન ફઈ જોઈ રહ્યાં હતાં એમને થયું કે, "મહારાજને માઠું લાગ્યું હશે, નહીં તો ઘડો આમ ફેરવે નહી, ચોકક્સ મને પાઠ ભણાવશે કે કોણ કોના હેકારા કરાવે છે !

એ નીચે ઊતર્યાં. કોઠીમાંથી દોણું ભરીને મહારાજને જતા જોયા એટલે ઝટ લઈને દોણાંનો કાંઠો પકડી લીધો. બોલ્યા, "આ બધું ભેગું કર્યું છે તે સાધુને જમાડવા સારું ભેગું કર્યું છે, કાંઈ ઢોળવા માટે નથી કર્યું, તમે જાણો કે ગમે તે રીતે ખૂટાડું ! એવું નથી કરવાનું, ઢોળવા તો નહીં જ દઉં"

મહારાજ ઘડીભર બાઈ નો ભાવ જોઈ રહ્યા. દોણાંના બે કાંઠા બંને જણે મજબૂત ઝાલી રાખ્યા હતા.એક આમ તાણે અને બીજા તેમ તાણે,. ધોળવો છલકાતો હતો. જીવનના રસને જીવાત્મા અને પરમાત્મા જ્યારે જુદી જુદી દિશામાં તાણતા હોય છે ત્યારે એવો જ ઘાટ થાય છે. એવામાં દોણું ફૂટ્યું. જતનના હાથમાં માત્ર કાંઠો જ રહ્યો, મહારાજ તો બીજું દોણું ભરીને પીરસવા ઊપડી ગયા ! પોતે હસતા જાય ને પીરસતા જાય.એમની આ રીત ને કોઈ ના પહોંચે. હોળી આવે અને જેમ રંગ-રંગ થઈ જાય તેમ પંક્તિમાં બધે દહીં-દૂધ થઈરહ્યું. મહારાજે સર્વે સંતોને દહીં-દૂધથી તરબોળ કરી દીધાં ! "તમે શું મારો હેકારો કરવાના હતા ? જતન ફઈ મનમાં હરખાતાં હતાં. બીજી ચાર ગોળીઓ ભરાવીને તમારાથી છાની રાખી મૂકી છે."

એમ પંક્તિમાં પીરસાતું ગયું ને મહારાજ ફરતા ગયા. છેવટે કોઠીઓ ખાલી થઈ ગઈ. મહારાજ કહે, "કયાં રહ્યાં દહીં-દૂધ ? બધાં ઠામ ખાલી ખમ થઈ ગયાં છે. હવે જો જો, તમારો હેકારો કરાવું છું તે !" ત્યાં જ જતનફઈએ સંતાડી રાખેલી ચાર કોઠીઓ બતાવી ને બોલ્યાં : "લઈ જાવ, આ બધું કોનું છે ? તમારું જ આપેલું છે ને તમને જ અર્પણ કરું છું. સુખેથી વાપરો. તમે આપેલી વસ્તુ કદી ખૂટે નહિ. તમારા દીધેલાં ભંડાર ભરપૂર છે."

જતન ફઈ નમી પડ્યાં કહે : "મારી ભૂલ થઈ મહારાજ ! તમે મારી ફજેતી કરાવો તો તો તમારી જ થાય ને ? એટલી અણસમજ માફકરો. મેં મારાથી બનતું કર્યું. પરંતુ એટલેથી નભે કે નહિ તે તો તમારા જ હાથમાં છે ! "

સર્વસ્વ અર્પણ કર્યાં પછી પણ ભકતની આવી નિર્લેપતા જોઈ મહારાજ અત્યંત પ્રસન્ન થયા. મનુષ્ય પુરુષાર્થ કરે. તન-મન દઈને પ્રવૃત્તિશીલ રહે, પરંતુ પરમાત્માનો દૃઢ આશરો રાખીને એમના નીતિ નિયમ પાળે પછી ખોટ કેવી ? જતન ફઈએ જે બીજી ચાર કોઠીઓ ગાળીને ભરી રાખી હતી તે આપણું સંચિત સમજવું. આપતકાળે એ જ કામ લાગવાનું. ટેક પણ જળવાઈ રહેવાની ને યશ પણ મળવાનો. જીવનના દોણાં નો સામો કાંઠો ભગવાનના હાથમાં છે ને પાત્ર ફૂટી જશે તો પણ કંઈ ખૂટવાનું નથી. એટલો ભરોસો રાખ્યો હોય તો પણ તેની ભેળી નરી નમ્રતા પણ રાખવી જોઈશે.

જતનફઈનું નિર્માનીપણું મહારાજને અસર કરી ગયું. બોલ્યા,"જતન ફોઈ વર માંગી લો."

બહાર પરમહંસોની ભીડ છે, જમે છે ને આનંદ કરે છે. મહારાજે વર

માંગવા કહ્યું એટલે જતને ભીતરમાં ખાંખાં ખોળા કરી જોયા પણ કશાની અછત જણાઈ નહિ, સર્વ વાતે સંતોષ દીઠો. પણ ભગવાન વર આપે એને પાછો ઠેલાય નહિ, કંઈક માંગવું તો જોઈએ, પણ માંગવું શું ?

જતન ફઈ મહેનત કરતાં ને સંસારનો રથ ખેંચતા.

જતન ફઈ બોલ્યાં, "આ ઘરનાં ધન્ય-ભાગ્ય કે અહીં તમારાં પગલાં થયાં ને આ પ્રસંગ થયો. હવે આપ પ્રસન્ન થયા છો તો એવું કરો કે આપું આપું તો ય મારાં દહીં-દૂધનાં ભંડાર અખૂટ રહે ને અહીં જે રહે તેમનું કલ્યાણ થાય."

મહારાજ રાજી થઈને કહે, "એમ જ થશે. તમારી આ કથા જે ગાશે ને સાંભળશે તેમનું પણ કલ્યાણ થશે."

ગામનાં નરનાર અને પરમહંસો નો સંઘ સૌ પરવારીને પોતપોતાના સ્થાને ગયા.પેલા અંતરમાં ચાલેલા સંવાદની ખબર બે જ જણને હતી. "અખૂટ રહેશે ને કલ્યાણ થશે."

જતે દિવસે આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ડાંગરવે પધાર્યા. એમણે જતન ફઈ પાસે પ્રસાદીનું દોણું માંગ્યું, "આપો તો સોને મઢીને સજ્જામાં રાખું. સૌ ભક્તો એનાં દર્શન કરે." જતન ફઈ કહે, "એનું તો મારે ધ્યાન થાય છે, બીજું કંઈ માંગો તો આપું."

ભવજળના દોણાંનો કાંઠો હરિએ હાથ ઝાલ્યો પછી શી ખામી રહે ?

(પાના નં ૮નું ચાલું)

વાત છે અસીમ શ્રધ્ધાની !

આપણી પાસે 'સંકલ્પબળ' સાથે 'સત્ત્વબળ' પણ હોવું જરૂરી છે. સંકલ્પબળ આપણા મર્કટ મનને ઉત્સાહશૂન્ય બનવા નહિ દે અને હિંમતશૂન્ય પણ બનવા નહિ દે. આ ઉપરાંત 'સમર્પણબળ' હોવું એટલું જ જરૂરી છે.

શિક્ષાપત્રીમાં 'વ્યસનમુક્તિ' અને 'અહિંસા' ને અગ્રિમતા (Top priority) આપવામાં આવી છે. જેની પાસે ઉપરોક્ત ત્રણેય બળ હાજર છે એને વ્યસનમુક્ત અને અહિંસક બનવામાં જરૂર સફળતા મળે છે. જીવનમાં જરૂર છે માત્ર સંકલ્પ બળ કેળવવાની, પ્રચંડ સત્ત્વબળ ફોરવવાની અને સમર્પણભાવ આત્મસાત્ કરવાની.

વચનામૃત અને શિક્ષાપત્રી આપણા આ સંકલ્પના અમલીકરણ માટેનું જરૂરી તમામ બળ પુરું પાડે છે. પ.પૂ. આચાર્યશ્રી તથા સંતો આ બળને ચિરસ્થાયી બનાવવા માટે દેશ-વિદેશમાં વિચરણ કરીને સદાય આપણા પર કૃપા વરસાવતા જ રહે છે. એમના તરફથી ઉત્તમ અવલંબન મળતું જ રહે છે. અધ્યાત્મક્ષેત્રે સદ્‌ગુણોને ટકાવી રાખવાનો રાજમાર્ગ તો આ જ છે.

નીતિમત્તા માટે જાગરુકતા કેળવવાની જરૂર છે. જો જીવનમાં નિષ્ઠા, જાગૃતિ અને પુરુષાર્થ હશે તો કો'ક અદૃશ્ય પરિબળ આપણી સહાયમાં આવીને ઉભું રહી જ જાય છે. આ બંને પુસ્તકો શાંતીદાયક, સુખદાયક અને પ્રસન્નતા દાયક બની રહે છે.

"काले काल समायरे।" જે સમયે જે કરવા જેવું હોય તે કરી જ લેવું. જે ન કરવા જેવું હોય એ ન જ કરવું. આપણે સૌ હરિભક્તો પ.પૂ. આચાર્યશ્રી તથા સંતોના કાયમ માટે ઋણી છીએ. કારણ કે તેઓએ સદુપદેશના આ મંગળ કાર્યને હિતકારી, પ્રીતકારી અને મંગલકારી માનીને વિરામ આપવાનું ક્યારેય વિચાર્યું પણ નથી અને વિચારતા પણ નથી, એ આપણા અહોભાગ્ય છે.

વાંચવા વસાવવા જેવાં નવા પ્રકાશનો

૧. સત્સંગ ગોષ્ઠિ.

૨. દત્તાત્રેયના ચોવીસ ગુરુની કથા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી દ્વારા લખાયેલ જીવન ઉપયોગી, પ્રેરણાદાયી, ઉપરોક્ત બંને પુસ્તકોનું વિમોચન પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી તથા પૂજ્ય લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિજ્યા દશમીના પવિત્ર દિને સભામાં કરવામાં આવ્યું હતું.

આ બંને પુસ્તકો આપણા કાલુપુર સ્વામિનારાયણ મંદિરના સાહિત્યકેન્દ્ર પરથી મળે છે.

સત્સંગ બાલવાટિકા
સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

ખાટી છાશ એટલે ?

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

આપણા સંતોએ જેના માટે શબ્દ વાપર્યો છે - "ચારૂ ચરોતર દેશ." લીલાં વૃક્ષો અને વનરાજીથી હરિયાળો લાગતો એવો દક્ષિણ ગુજરાતનો આ વિસ્તાર. એમાં પણ સર્વાવતારી સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાનના પદરજથી પવિત્ર અને અધિક રળિયામણા આ વિસ્તારના કોઈ એક ગામની ભાગોળેથી સ્વામિનારાયણ ભગવાન પસાર થઈ રહ્યા હતા. સાથે જીવનમાં ભક્તિ અને શક્તિના સમન્વયવાળા સુરાબાપુ આદિક દસેક પાર્ષદો હતા. સવારનો સમય હતો, સૂર્યનારાયણના સોનેરી કિરણો ધરતીને સુવર્ણમયી બનાવી રહ્યાં હતા.

ગામની ભાગોળે ભગવાનની પ્રતિક્ષા કરીને ઉભેલા ભક્તે ભગવાનને નમસ્કાર કર્યા અને વિનંતી કરી. પ્રભુ ! કૃપા કરી ઘેર પધારો, અને છાસુ પીતા જાઓ. પ્રભુએ પ્રત્યુત્તર આપતા કહ્યું, ભક્તરાજ ! અત્યારે મોડું થાય છે. અમારે જલ્દી વડતાલ પહોંચવું છે. એટલે રોકાવું નથી. એમ કહીને માણીગરે માણકીને દોડાવી દીધી. પાર્ષદો એકબીજાના મોઢાં સામે જોવા લાગ્યાં. ભારે થઈ ! પ્રભુએ તો "ના" પાડી દીધી પણ આપણે શું કરીશું ? પેટમાં ક્યારનું એ કુડકુડ થાય છે. અને આ નોતરૂં મળ્યું છે તો સ્વીકારી લઈએ. અને પછી ઘોડાં દોડાવી ભગવાનની સાથે થઈ જઈશું.

ભાગોળે જ ઘોડીને બાંધી હોંશે હોંશે ભક્તને ઘેર આવ્યા. ગુજરાતના ગામડાની છાશુનો કોઈ દી અનુભવ કર્યો નથી. પલાંઠી વાળીને લાઈનમાં બેસી ગયા. ત્યાં તો તાંસળીમાં ચાર દી'ની ખાટી છાશ અને ચીકણો ટાઢો રોટલો આવ્યો. જયાં મોઢામાં રોટલાનો કકડો મુક્યો અને છાશનો સબડકો ભર્યો તો ઝાટકો લાગ્યો. એળવાની જેમ માથાના વાળ બધા ઉભા થઈ ગયા. અને રોટલો તો ચાવ્યો ચવાય નહી અને અધુરામાં પુરૂ આ ભાવિક ભક્ત આગ્રહ કરવા લાગ્યા કે થોડો વધુ રોટલો લ્યો. પાર્ષદો મનોમન વિચારવા લાગ્યા કે આટલો ખૂટે તેમ નથી તો બીજો ક્યાંથી લે.

ફટાફટ જય સ્વામિનારાયણ કહીને ચાલ્યાં. ઘોડા દોડાવ્યાં અને પ્રભુ પાસે આવી પહોંચ્યા. ભગવાને રમુજ કરતાં બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે સ્વામી ! આ બધા કાઠી દરબારો માટે જમવાની જરાપણ ઉતાવળ ન કરતા. અને આગ્રહ ન કરતા. કેમ કે બરાબર છાશુ પીને આવ્યા છે. કાઠી પાર્ષદોને પોતાની ભૂલ સમજાણી. અંતર્યામી પરમાત્મા બધું જ જાણતા હતા છતાં કાઠી પાર્ષદોએ પ્રભુની આગળ રમૂજ કરવા પોતપોતાની પાઘડીઓ ઉતારી. એટલે શ્રીહરિએ પૂછ્યું કે કેમ બધા માથાં ખુલ્લા કરો છો ? માથામાં કાંઈ થયું છે કે શું ? મહારાજ ! કહેવા જેવું નથી. આ જુઓને આપને મુકીને જમવા રોકાયા તો એવી ખાટી છાશ મળી છે તે માથાના વાળ ઉતરી ગયા છે. આપને બતાવીએ છીએ. શ્રીહરિ મંદમંદ હસવા લાગ્યા. અને સભામાં સૌને ઉપદેશ આપ્યો.

મિત્રો ! એ ઉપદેશ આપણે પણ ધ્યાનમાં રાખવા જેવો છે કે જે ભગવાનને મુકીને જમે છે તેને પસ્તાવાનો સમય આવે છે. માટે નવા વર્ષથી આપણે પણ નવો નિયમ રાખીએ કે ભગવાનને જમાડીને પછી જ જમવું. પોતાના ઘરમાં રસોઈ થાય એ પ્રથમ ઠાકોરજીને જમાડીને અને એ પ્રસાદીનું અન્ન આપણે જમવું જેથી જીંદગીમાં ક્યારેય પણ પસ્તાવનો સમય ન આવે અને સદાય આનંદ અને પરમાનંદ રહે.

એટલે જ પ્રેમાનંદ સ્વામીએ આપણને કાયમી યાદ અપાવવા વર્ણવ્યું છે કે -

"વ્હાલા એ રસના ચાખણહાર છાશ
તે નવ પીએ રે લોલ."

ભગવાન સિવાય ભોજન આદિક જે કાંઈ પદાર્થ એ આ ખાટી છાશ તુલ્ય ગણે એ સાચો ભક્ત.

નમ્યો એ સહુને ગમ્યો

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક મહાત્માજીની વાત છે. તેમનું નામ વિશ્વામિત્ર. નામ કેવું સુંદર છે. જગત આખાના મિત્ર તેનું નામ વિશ્વામિત્ર. વિશ્વામિત્ર મૂળ ક્ષાત્ર પ્રકૃતિના હતાં. એટલે કે ક્ષત્રિય હતા. તેમને હવે બ્રહ્મર્ષિ થવું હતું. જીદ લઈને બેઠા મારે બ્રહ્મર્ષિ થવું જ છે. કેટકેટલા મહાત્માઓએ કહ્યું તમે તમારા ક્ષત્રિય ધર્મમાં રહીને જ ભજન કરો. તમારો મોક્ષ ચોક્કસ થશે પણ માને એ બીજા. એમણે તો તપ આદર્યું એવું ભયંકર તપ કર્યું. તપ કરવું ખૂબ કઠણ છે. જેના તેનાથી ન થાય. પણ વિશ્વામિત્રે ખૂબ કઠોર તપ કર્યું. તેમના તપથી કેટલાય મહર્ષિઓ રાજી થયા તેઓએ વિશ્વામિત્રને કહ્યું તમારૂં તપ જોઈને અમને તો એમ લાગે છે કે તમે બ્રહ્મર્ષિ થઈ ગયા. પણ અત્યારે મહર્ષિમાં અગ્રગણ્ય તરીકે વશિષ્ઠ છે તો એ તમને માન્યતા આપે તો અમે માનીએ. વિશ્વામિત્ર તપના મદથી વશિષ્ઠજી પાસે ગયા. હું તપસ્વી છું. માણસને જીવનમાં પોતાનો અહંકાર જ નડતો હોય છે. જ્યાં સુધી અહંકાર ભર્યો હોય ત્યાં સુધી એને ઈશ્વર પ્રાપ્તિ થતી નથી એને કોઈ સિધ્ધિ મળતી નથી.

જેવા વિશ્વામિત્રે વશિષ્ઠજીના આશ્રમમાં પ્રવેશ કર્યો કે ત્યાં વશિષ્ઠજી બોલ્યા, "આવો રાજર્ષિ". વિશ્વામિત્ર ત્યાંથી ક્રોધે ભરાઈને પાછા ચાલ્યા ગયા. મારા તપની કોઈ કિંમત નહિ ? મને રાજર્ષિ કહ્યો ! અહંકારી માણસ ક્યારેય પણ પોતાની ભૂલ સમજી શકતો નથી. વિશ્વમિત્રે ફરીથી તપ આદર્યું. ખૂબ કઠોર તપ કર્યું. હવે તો મને બ્રહ્મર્ષિની પદવી મળશે ! એવી આશા સાથે ફરી ગયા. પણ આ શું ? જેવા વશિષ્ઠના આશ્રમમાં પ્રવેશ્યા કે તરત જ વિશ્વામિત્રની સન્મુખ જોઈ વશિષ્ઠ બોલ્યા, "આવો રાજર્ષિ" ! વિશ્વામિત્રના મનમાં ક્રોધ વ્યાપી ગયો. મેં આશા રાખી હતી કે આટલું તપ તપ્યા પછી તો મને બ્રહ્મર્ષિની પદવી મળશે. પણ એ આશા પુરી ન થઈ.

વિશ્વામિત્રે ક્રોધમાં આવી અને જ્યાં વશિષ્ઠ ઋષિના આશ્રમમાં વશિષ્ઠના બાળકો તેમના શિષ્યો સાથે રમતા હતા તેમાંથી એકને મારી નાંખ્યો અને પછી ત્યાંથી ચાલ્યા ગયા. ફરીથી તપ કર્યું. અને પાછા બ્રહ્મર્ષિના સર્ટિફિકેટ માટે વશિષ્ઠજી પાસે આવ્યા પણ ઋષિએ તો રાજર્ષિ કહીને બોલાવ્યા એટલે ત્યાં આશ્રમમાં રમતા બીજા એક વશિષ્ઠ પુત્રની હત્યા કરી નાખી. આવું સો વખત બન્યું. વશિષ્ઠના સો પુત્ર મારી નાખ્યા છતા પણ વશિષ્ઠજીએ પદવી ન આપી. પછી તો વિશ્વમિત્રે વિચાર્યું કે આ ડોશાને જ મારી નાખું એટલે વાત જ પુરી. બધા મારા તપને માન્યતા આપે છે. એક આ વશિષ્ઠજી આડા આવે છે. માટે મારે હવે વશિષ્ઠને પૂરા કરી દેવા છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. અને એક રાત્રીએ વશિષ્ઠના આશ્રમમાં આવ્યા. સંતાઈને જોઈ રહ્યા છે. લાગ આવે તો વશિષ્ઠને પુરા કરી દઉં. એ સમયે વશિષ્ટના બધા શિષ્યો પોતપોતાની પર્ણકૂટીમાં સૂઈ ગયા હતા. ફક્ત વશિષ્ઠ અને એમના પત્ની અરૂન્ધતી જાગતા હતા. અરૂન્ધતીએ એ સમયે વાતો કરતા કહ્યું જુઓ તો ખરા આજ ચંદ્રની ચાંદની કેવી ખીલી ઉઠી છે. ત્યારે વશિષ્ઠજી બોલ્યા, "હા જાણે વિશ્વામિત્રનું તપ ખીલ્યું હોય એવી ચંદ્રની ચાંદની ખીલી છે. વિશ્વામિત્રનું તપ પણ આવુ જ સુંદર શોભે છે. આજ સુધી કોઈ મહર્ષિએ વિશ્વામિત્ર જેવું તપ નથી કર્યું. છુપાઈને બેઠેલા વિશ્વામિત્રે આ વાત સાંભળી ખૂબ પસ્તાવો થયો. અરેરે મેં જેના સો સો પુત્રને મારી નાખ્યાં તો પણ મારા પ્રત્યે આટલી લાગણી. મારા તપ પ્રત્યે આટલો સુંદર અભિપ્રાય ! વિશ્વામિત્ર દોડીને વશિષ્ઠજીના પગમાં પડી ગયા ! માફ કરો મને મેં ખૂબ જ મોટી ભૂલ કરી છે. ત્યાં તરત જ વશિષ્ઠજી બોલ્યા આવો બ્રહ્મર્ષિ સર્ટિફીકેટ મળી ગયું. ફક્ત એક વાતમાં, કઈ ? નમ્રતા. નમ્રતા એ બ્રહ્માર્ષિ થવાનો પહેલો સદ્‌ગુણ છે. જેના જીવનમાં નમ્રતા આવી એ બ્રહ્મર્ષિ થઈ ગયો. કહેવત છે નમ્યો તે સહુને ગમ્યો.

જીવનમાં તપનું ફળ, સાધનાનું ફળ, એ નમ્રતા છે. જ્યાં સુધી સ્વભાવ બદલાય નહિ ત્યાં સુધી ઉર્ધ્વગતિ થતી નથી. માટે ભગવાનની આગળ માન, મોટાઈ, અહંકાર વગેરે સ્વભાવોને સાથે લઈને જઈશું તો ભગવાન આપણને ભક્ત તરીકેનું બિરૂદ નહિ આપે. માટેજ સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે જો અમારા ધામને પામવું હોય તો સ્વભાવો છોડીને અણી શુદ્ધ ચોખા થઈને આવશો તો જ અમને પામી શકશો.

આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી બાળસ્વરૂપ કષ્ટભંજન દેવ સમક્ષ માગૃતિ યજ્ઞ સુંદર રીતે સંપન્ન થયેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના વરદ્ હસ્તે પૂર્ણાહૂતિ કરી હતી. ત્યારબાદ સભામાં બિરાજીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

લાભ પાંચમના શુભ દિને આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પધરાવેલા બાલ સ્વરૂપ કષ્ટભંજન દેવનો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ શોડષોપચાર વિધિ પૂર્વક અભિષેક કર્યો.

હરિભક્તોએ વિશાળ સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી, પૂજ્ય લાલજી મહારાજશ્રી અને પૂજ્યશ્રીરાજા પણ પોતાના કુળદેવતાના દર્શને પધાર્યા હતા. અને સૌને દર્શન-આશીર્વાદનો લાભ આપેલ. મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને કોઠારી આનંદ સ્વામીએ આ પ્રસંગે સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. પૂજારી દેવ સ્વામીએ ઠાકોરજીને અદ્‌ભૂત શૃંગાર ધરાવીને સૌને દર્શન કરાવ્યા હતા.

પૂ. મહંત શા.સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા કોઠારી આનંદપ્રસાદદાસજીએ કાંકરિયા, મણિનગર, ઈસનપુર, વટવા, ઘોડાસર, મહાદેવનગર, ખોખરા આદિ વિસ્તારના બહેનોને સત્સંગનું વિશેષ બળ મળે તે હેતુ માટે ભવ્ય મહિલા શિબિરનું સુંદર આયોજન કર્યું હતું. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. શ્રીરાજા તથા વિશાળ સંખ્યામાં પધારેલ સાંખ્યયોગી બહેનોએ વિશાળ સભામાં બહેનોને કથાવાર્તા તથા ભગવાનની વાતો કરીને બળ પ્રેર્યું હતું. તમામ વિસ્તારની આગેવાન બહેનો તથા યુવાન બહેનોએ પોતાના મંતવ્યો રજુ કર્યા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા પ્રમાણે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પાસેથી ઘણા બહેનોએ કંઠી ધારણ કરીને ગુરુમંત્ર પ્રાપ્ત કર્યો હતો. સભાના અંતે પ.પૂ. શ્રીરાજા તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. આ શિબિરમાં ૮૦૦ બહેનોએ દિવ્ય લાભ લઈને ધન્ય બન્યા હતા. આ પ્રસંગે નરનારાયણદેવ યુવક મંડળના સભ્યોએ વ્યવસ્થામાં સહકાર આપ્યો હતો. સાંજે મંદિરમાં જ સૌ બહેનોને મહાપ્રસાદ લેવાની વ્યવસ્થા હતી અને નવનિર્માણ મંદિરમાં પધારીને સુંદર રચના નિહાળીને પ.પૂ. ગાદીવાળાશ્રી ખૂબ રાજી થયા હતા. *(નરોત્તમ ભગત)*

બદ્રીનાથ ધામમાં ૨૪મો પાટોત્સવ ઉજવાયો

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાકટ્યની સંકલ્પ ભૂમિ હિમાલયની ગિરિકંદરાઓમાં વિશાલાની શાંતિરમ્ય વાતાવરણમાં વસેલા બદ્રીનાથધામના સાંનિધ્યમાં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપનો ૨૪મો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગના ભવ્ય સંભારણાના મંગલ દિને પ.પૂ. નિવૃત્ત આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના વરદ્ હસ્તે ભગવત સ્વરૂપનો ષોડશોપચાર વિધિ પૂર્વક પૂજન અને મહાભિષેક કર્યો હતો. જેના યજમાન પદે અમદાવાદના પ.ભ. વિકલભાઈ શિવરામભાઈ પટેલ (વિશાલ ઓર્ગેનાઈઝેશન), પ.ભ. સાકળચંદભાઈ સી. પટેલ (સુપર માર્બલ), પ.ભ. બિપીનભાઈ ડી. સોની, પ.ભ. બાબુભાઈ બી. પટેલ રહ્યા હતા. મહોત્સવના અંગભૂત "શ્રી હરિવનવિચરણ" ગ્રન્થની પારાયણનો લાભ શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (નારાયણપુરા મહંત)ના વક્તાપદે પ્રાપ્ત થયો. અમદાવાદથી પૂ. મહંત સ્વામી શાસ્ત્રી નિર્ગુણદાસજી તથા ઘણી વિશાળ સંખ્યામાં સંતો-મહંતો પધાર્યા હતા તથા વિશાળ સંખ્યામાં હરિભક્તોએ ઉત્સવનો તથા તીર્થયાત્રાનો લાભ લીધો હતો. મહંત સ્વામી ગોલોકવિહારીદાસજી, અ.નિ. શાસ્ત્રી સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી, મુકુંદ સ્વામી, આદિ સંતોએ તથા વાસુદેવભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી. *(પ્રાણજીવન ભગત)*

શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ

તીર્થોત્તમ દિવ્ય ભૂમિ શ્રી નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રી અને પૂજ્ય શ્રીરાજા ની શુભ નિશ્રામાં શરદ પૂનમ તા. ૧૬-૧૦-૨૦૦૫ના રોજ રાત્રે શરદોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. જેમાં સંત-હરિભક્તોએ ભવ્ય રાસ લીલા રમીને સર્વોપરિ શ્રીહરિએ કરેલા રાસના તાદૃશ દર્શન ધર્મકુળ પરિવાર દર્શન કરીને અનુભવ્યા હતા. હજારો ભક્તોએ દુધપૌવાનો દિવ્ય પ્રસાદ લઈ જીવનને ધન્ય બનાવ્યું હતું. ખરેખર આવા ઉત્સવોની પરંપરાથી સત્સંગમાં એક નવી ભાત ઉપસી આવે છે. *(શા. ઘનશ્યામપ્રકાશ)*

સેટેલાઈટ વસ્ત્રાપુરમાં શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ આયોજીત ભજન સંધ્યામાં પધારેલા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

સેટેલાઈટ વસ્ત્રાપુર વિસ્તારમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી છેલ્લા ઘણા વરસોથી સત્સંગ સભા-ભજન સંધ્યાનું, આયોજન દર અગિયારસે થાય છે. ખરેખર આ સભાના ફલ સ્વરૂપે પૂ. મહારાજશ્રીની કૃપાથી આ વિસ્તારમાં મૂળ સંપ્રદાયના નવા આશ્રિતો ઘણા થયા છે. જે યુવક મંડળના સક્રિય કાર્યકરોને આભારી છે.

અહીં તા. ૨૫-૯-૨૦૦૫ના રવિવારના એક વિશેષ ભજન સંધ્યાનો સુંદર કાર્યક્રમ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ધામધુમથી સંપન્ન થયો. સૌ પ્રથમ આચાર્ય સ્વરૂપે પધારેલા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત-સામૈયું, પૂજન હરિભક્તોએ હૃદયના ભાવ અને ઉમળકાથી કરીને પોતાનું શ્રેય સાધી લીધું. પૂજન ભેટ અને આરતીના યજમાન શ્રી મુકેશભાઈ (સ્વામિનારાયણ ફાર્મસી) અને શ્રી

મનોજભાઈ (એ.બી. જ્વેલર્સ સેટેલાઈટ) રહ્યા હતા. ખરેખર આજની સાંજ ભવ્ય અને દિવ્ય હતી. હરિભક્તોના મન હિલોળે ચડ્યા હતા. કીર્તન, ભક્તિ અને શ્રીહરિનામની અલૌકિક ધૂન અને સંતોની પ્રેરક વ્યાખ્યાન માળા બાદ સૌને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ જીવનને ધન્ય બનાવી દે તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. સૌ ભક્તજનો પ્રસાદ લઈ પ્રસંગને અંતરમાં વાગોળતા-વાગોળતા પોતાના સ્વસ્થાને પ્રયાણ કરતા હતા. *(સંજયભાઈ સોની શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સેટેલાઈટ-વસ્ત્રાપુર)*

સ્વામિનારાયણ મંદિર ડાંગરવા

શ્રીજી મહારાજના દિવ્ય પ્રસાદીના દઢાવ્ય પ્રદેશના જતનબાના ડાંગરવા મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી ભાદરવા માસમાં નીચેના કાર્યક્રમો સંપન્ન થયા હતા.

શ્રી સ્વામિનારાયણ મંદિર વાંટો અને તળપદમાં ૪૮ કલાક મહામંત્ર ધૂન્ય અને સત્સંગી ભાઈ બહેનોએ (વાંટો) જેતલપુર, ધોળકા, ધોલેરા, સારંગપુર, ગઢડા અને મૂળી મંદિરની યાત્રા કરી. કરજીસણના પ્રસાદીના વાઘરોડા તળાવ સમૂહ સ્નાન વિધિ (અમાસ) કરી હતી. જ્યાં જસુ ભગતે સુંદર કથાનો લાભ આપેલ. આમ અત્રે હરિભક્તો દ્વારા ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કર્યું હતું. *(ડાભી મફાજી સરદારજી)*

વિસનગર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી તા. ૨૫-૯-૦૫ની રવિવારના સવારે ૬-૩૦ થી સાંજના ૬-૩૦ ૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન્ય વિસનગર મંદિરમાં ભાઈ-બહેનોએ સાથે મળી કરી હતી. છેલ્લે શ્રી કનુભાઈ દરજીએ ૨૨૫ દિવાની શ્રીજી મહારાજને આરતી ઉતારી હતી. કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હતો.

(કાંતિલાલ આર. પટેલ)

કર્મ શક્તિ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી તા. ૨૭-૯-૨૦૦૫ના રોજ હરિભક્તોએ સાથે મળી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય કરી હતી.

અત્રે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા હરિભક્તો દર એકાદશીની રાત્રે ૧૧-૩૦ સુધી ધુન કીર્તન સાથે જાગરણ કરી. એકાદશીના પદો ગાઈને મહારાજને રાજી કરે છે. *(ગોરધનભાઈ વી. સીતાપરા)*

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાદ્રષ્ટિથી સ્વાસ્થ્ય સુધર્યું

શ્રી નરનારાયણદેવના ઓચ્છવીયા પ.ભ. ગોપાલભાઈ મોદીને એકાએક હાર્ટની તકલીફ થતા અર્ધ બેભાન થઈ ગયા હતા. અને તેમને ત્વરિત હોસ્પિટલમાં એડમીટ કરવા પડેલ. ત્યાં એકાએક શ્રી નરનારાયણદેવ સમક્ષ ઓચ્છવ અને પ.પૂ. મહારાજશ્રીનું સ્મરણ થતા તેમની નાજુક સ્થિતિમાં એકાએક સુધારો થયો. ડૉકટરની ટીમ અને તેમનો પરિવાર આશ્ચર્યથી જોઈ રહ્યા કે કોઈ ડૉકટરની દવા આટલા જલ્દી સાજા ન કરી શકે. એમને સ્વયં શ્રીહરિના અપર સ્વરૂપે જ દયા કરીને સાજા કર્યા છે.

એપ્રોચ (બાપુનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આયોજીત સત્સંગ શિબિર

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં તા. ૨૫-૯-૦૫ના રવિવારના રોજ બપોરના ૧૨-૩૦ થી સાંજના ૬-૩૦ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને સમસ્ત અમદાવાદ શહેરના શ્રી નરનારાયણદેવ યુવક મંડળની શિબિર ધામધુમથી સંપન્ન થઈ.

આ પ્રસંગે રેડિયો ટી.વી. કલાકાર ઋષભ બલદાણીયાએ ધૂન-કીર્તન ભક્તિ તથા એપ્રોચના ઉત્સાહી યુવક કાર્યકરે સુંદર સચોટ હાસ્ય રમૂજ સાથે સત્સંગી યુવકોને પ્રેરણા લેવા જેવું નાટક રજુ કરીને પૂ. મહારાજશ્રી અને સભાને રાજી કર્યા હતા. અત્રેના યુવક મંડળે વેષભૂજામાં પંચાળાનો રાસ સુંદર રીતે રજુ કર્યો હતો. નિકોલ તથા મહાદેવનગર યુવક મંડળે કીર્તન ભક્તિ કરી હતી.

આ પ્રસંગે અમદાવાદ મંદિર તથા કાંકરિયા મંદિરથી સંતો પધાર્યા હતા. પૂ. મહંત સ્વામી શા.સ્વા. નિર્ગુણદાસજીએ પ્રેરણાદાયી પ્રવચન કરીને સૌ રાજી કર્યા હતા. હરિભક્તોએ પણ દેવ-આચાર્ય, શાસ્ત્ર અને મંદિરના મહિમા સહિત પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સૌ શિબિરાર્થીઓને પ.ભ. ચંદ્રેશભાઈ પટેલ (લક્ષ્મી દુગ્ધાલય) તરફથી મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે મંદિરના સંત મંડળે પ્રશંસનીય સેવા બજાવી હતી.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

જયપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

રાજસ્થાનની ગુલાબી નગરી જયપુરમાં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને શ્રી રાધાકૃષ્ણદેવનો દ્વિતીય પાટોત્સવ શ્રાવણ વદ-પના પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી તથા પૂ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂજ્ય પી.પી. સ્વામીની પ્રેરણાથી અ.નિ. પ.ભ. મુલચંદભાઈ મગનભાઈ પટેલના સ્મરણાર્થે પ.ભ. મનુભાઈ મુલચંદભાઈ (ઓલ ઈન્ડિયા ગુજરાતી સમાજ પ્રમુખ) પરિવાર તરફથી ધામધુમથી સંપન્ન થયો હતો. આ પ્રસંગે સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. સવારે ૬-૦૦ ઠાકોરજીની મંગળા આરતી બાદ અભિષેક જેતલપુરના મહંત સ્વામી અને પૂજારી સંતોએ વેદ વિધિસર કરેલ. ત્યાર બાદ સમૂહ મહાપૂજા અને અન્નકૂટ આરતી અને પ્રાસંગિક સભા થઈ હતી.

પાટોત્સવ પ્રસંગે અનેક રાજકિય મહેમાનોમાં રાજસ્થાન સરકારના ગૃહમંત્રીશ્રી ગુલાબચંદ કટારીયા વગેરે પધાર્યા હતા. જેતલપુર થી મહંત સ્વામી

આત્મપ્રકાશદાસજી, મથુરા, છપૈયા, ધરિયાવદ મહંત સ્વામી અને વડતાલથી ગોવિંદ સ્વામી અને જેતલપુરના પૂજારી, દિલ્હીના મહંત સ્વામી વગેરે પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં વિદ્વાન સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. પાટોત્સવનું આયોજન અત્રેના મહંત સ્વામી દેવસ્વરૂપદાસે સુંદર રીતે કર્યું હતું. *(કે. આર. ભગત - જયપુર)*

શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરાવાડી

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ શ્રી નરનારાયણદેવ તાબાના કાંકરાવાડી ગામે સ્વામીશ્રી રઘુવીરચરણદાસજી ગુરુ સ્વામી કૃષ્ણજીવનદાસજીની પ્રેરણાથી હરિભક્તોએ સાથે મળીને 'શ્રીમદ્ સત્સંગિ જીવન' પારાયણનું આયોજન કર્યું હતું. જેના વક્તાપદે શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસે બિરાજીને પોતની આગવી શૈલીમાં હરિભક્તોને કથામૃત પાન કરાવ્યું હતું. મહુન્દ્રાથી શા. હરિજીવનદાસ તથા ઈડરથી કોઠારી સત્યસંકલ્પદાસે પધારીને હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો.

(કોઠારી નારાણભાઈ)

વિદેશ સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (I.S.S.O., U.K.)

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા અમદાવાદ મંદિરના સંતોની ઉપસ્થિતિમાં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભાદરવા માસમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન રાખવામાં આવી હતી. અને પ.ભ. છગનલાલ, જાદવજીભાઈ, ડૉ. અમરતભાઈ ભીમજીભાઈ, જયંતીભાઈ, વસંતભાઈ તેમજ અશોકભાઈ તુલસીભાઈ ગોહેલ પરિવાર તરફથી ૬ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન યોજવામાં આવી હતી. તા. ૨-૧૦-૨૦૦૫ રવિવાર પ.ભ. ધનજીભાઈ લક્ષ્મણભાઈ વરૂની પુણ્ય સ્મૃતિમાં તેમના પત્નિ જેઠીબેન ધનજીભાઈના યજમાન પદે તેમના પુત્રો, પુરૂષોત્તમભાઈ, રમેશભાઈ ધર્મેન્દ્રભાઈ, હરિશભાઈ, રવિન્દ્રભાઈ, સુભાષભાઈ આદિ પરિવાર તરફથી ૬ કલાકની અખંડ મહામંત્ર ધૂન રાખવામાં આવી હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશિષથી સત્સંગ પ્રવૃત્તિ સુંદર ચાલે છે. *(હેમરાજભાઈ ચોટલાયા)*

ફ્લોરિડા લેક્લેન્ડ શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O., U.S.A.)

લેકલેન્ડના નૂતન ભવ્ય શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવના શુભ સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે ગણેશ ચતુર્થી અને રાધા અષ્ટમી નિમિત્તે ઠાકોરજી અને શ્રી ગણપતી મહારાજનું પૂજન અર્ચન કરી હરિભક્તોએ આરતી ઉતારી હતી. આ પ્રસંગે સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર ગુરુકુળ)એ ગણેશ ચતુર્થી અને રાધાષ્ટમીનું મહિમા માહાત્મ્ય હરિભક્તોને સચોટ રીતે સમજાવીને સત્સંગમાં મૂળ સંપ્રદાયના સિધ્ધાંત નિયમ, નિશ્ચય અને પક્ષ આજ્ઞા-ઉપાસના અણી શુદ્ધ રાખવા પ્રેરણાદાયી કથામૃતનું પાન કરાવ્યું હતું. સભાને અંતે સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્ય અને આરતી-નિયમ કરીને પ્રસાદ લઈ સૌ વિદાય થયા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(પ્રમુખશ્રી નલીનભાઈ પટેલ)

(I.S.S.O. વોશિંગ્ટન ચેપ્ટર) બુવી મેરીલેન્ડ

તા. ૨૪-૯-૨૦૦૫ શનિવારના અત્રે સાંજે ૩ કલાકે સભામાં સૌએ સાથે મળી કથા-વાર્તા-ભજન કીર્તન-વચનામૃતનું વાચન - થાળ - આરતી વગેરે કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણને રાજી કર્યા હતા. સભામાં ઘણા હરિભક્તો ઉપસ્થિત હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સારી ચાલે છે.

(કનુભાઈ પટેલ)

શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ ની યાદી

ભાદરવા સુદી-૧ પ.ભ. ગોકુળભાઈ સવજીભાઈ, અમદાવાદ. **ભાદરવા સુદી-૬** સ્વ. ગોવિંદભાઈ નાથાભાઈ હિરપરા, જેતપુર. **ભાદરવા સુદી-૭** અ.નિ. કેશરબાઈ કાનજી કરમણ. **ભાદરવા સુદી-૮** અ.નિ. દોલતબાના સ્મણાર્થે સાં.યો. મંગળબા તથા સાં.યો. નવઘાબા, રાજકોટ. પ.ભ. ગોવિંદભાઈ, મોખાસણવાળા **ભાદરવા સુદી-૯** અ.નિ. કેશરબાઈ કાનજી કરમણ. **ભાદરવા સુદી-૧૨** પ.ભ. હ. ભરતભાઈ ચોકસી (વામન જયંતી), અમદાવાદ. **ભાદરવા સુદી-૧૪** પ.ભ. જયંતકુમાર મણીલાલ પટેલ, અમદાવાદ. **ભાદરવા સુદી-૧૫** પ.ભ. રૂક્મણીબેન ગીરધરલાલ ગજજર હ. પ.ભ. વાસુદેવભાઈ ગજજર, અમદાવાદ.

ભાદરવા વદી-૩ અ.નિ. સ.ગુ. પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજીની ત્રયોદશા નિમિત્તે હ. દિગમ્બર ભગત, અમદાવાદ. **ભાદરવા વદી-૫** પ.ભ. ધેમરભાઈ સેંધાભાઈ ચૌધરી, માણેકપુર. **ભાદરવા વદી-૬** પ.ભ. વલ્લભભાઈ પરસોત્તમભાઈ, બળદીયા. અ.નિ. સોની જગજીવનદાસ ચંદુલાલ હ. રાજુ સ્વામી બ્રહ્મચારી. **ભાદરવા વદી-૮** શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સેટેલાઈટ હ. પ્રવેશભાઈ, અમદાવાદ. પ.ભ. શારદાબેન પ્રભુદાસ માણેક હ. જયેશભાઈ. પ.ભ. મનુભાઈ પટેલ તથા પ.ભ. ભરતભાઈ ચોકસી. અ.નિ. કસ્તુરબેન ભગવાનદાસ હ. સોની જયેશભાઈ ભગવાનદાસ. **ભાદરવા વદી-૧૦** પ.ભ. મનીષભાઈ વોરા અમદાવાદ. **ભાદરવા વદી-૧૨** પ.ભ. પૂનમભાઈ મગનભાઈ પટેલ, અમદાવાદ.

નવા વર્ષની વાનગી, નવા વર્ષની બારખડીનો "બાળકોને બોધ"

ક- કહે છે કે - કરજો રોજ યાદ સ્વામિનારાયણ ભગવાનને

ખ- " " - ખરાબ સંગત કદી ના કરજો.

ગ- " " - ગરમ મગજ કદી ના કરજો.

ઘ- " " - ઘમંડ જીવનમાં કદી ના કરજો.

ચ- " " - ચાડી - જુગલી કદી ના કરજો.

છ- " " - છાંડ્યો નહીં તમારૂં કોઈ ભોજન.

જ- " " - જીવોની હિંસા કદી ના કરશો.

ઝ- " " - ઝંઝાવાતમાં પણ નાસીપાત થાસો નહીં.

ટ- " " - ટીકા કરશો તો દુઃખ પામશો અપાર.

ઠ- " " - ઠગશો તો દુનિયા તમને ઠગશે.

ડ- " " - ડૂબકી નહીં મારતા અજાણ્યા પાણીમાં.

ટ- " " - ઢચુપચુ કે ઢીલાટફ ન થઈ જતા.

ત- " " - તોફાન - મસ્તી મર્યાદામાં રાખજો.

થ- " " - થીંગડાવાળા કપડાં પહેરતાં નહીં.

દ- " " - દોસ્તી કોઈ પણ હિસાબે નિભાવજો.

ધ- " " - ધ્યાન રાખજો રોજ સરસ્વતી દેવીનું.

ન- " " - નમસ્કાર, જ્યાં જરૂરી જણાય, ત્યાં કરવાના ભૂલશો નહીં.

પ- " " - પરીક્ષામાં ધ્યાન રાખશો, તો ગુણ પામશો અપાર.

ફ- " " - ફરવાનું, પણ હમેંશા મર્યાદામાં રાખશો.

બ- " " - બનજો સેવા - ચાકરી કરવામાં શૂરા.

ભ- " " - ભણતરની કિંમત તો ભૂલશો નહી.

મ- " " - માનવતા પણ કદી ચૂકશો નહી.

ય- " " - યશ - કીર્તિ પામો એવા કાર્ય કરતા રહેજો.

ર- " " - રખડું કે બહુ રમતિયાળ થશો નહીં.

લ- " " - લેશન સદાયે નિયમિત કરવાનું ચૂકશો નહી.

વ- " " - વાંચતા રહેજો નિયમિત 'વચનામૃત"

શ- " " - શરમિંદા કૃત્યો પણ કદી કરશો નહીં.

સ- " " - સાદાઈથી રહેવાનું પસંદ કરજો.

ષ- " " - ષ્ટ્રકામ બની કદી પણ હિંસા કે હાનિ ન કરીએ.

હ- " " - હમ હે સહજાનંદી સિંહ.

છ- " " - છળકપટ આચરતાં નહી.

ક્ષ- " " - ક્ષમા માંગતા અને આપતાં રહેજો.

જ્ઞ- " " - જ્ઞાની બની, સત્યના ગુણજ્ઞાનના વખાણ કરતા રહેજો.

"સુખ ક્યાં છે"

✔ મિત્રમાં છે	× શત્રુતામાં નથી.
✔ સહકારમાં છે.	× વિરોધમાં નથી.
✔ ક્ષમામાં છે	× કલેશમાં નથી.
✔ પ્રેમમાં છે.	× ક્રોધમાં નથી.
✔ સંતોષમાં છે.	× લોભમાં નથી.
✔ સમતામાં છે.	× મમતામાં નથી.
✔ ત્યાગમાં છે.	× રાગમાં નથી.
✔ પ્રસન્નતામાં છે.	× ચિંતામાં નથી.

જયશ્રી સ્વામિનારાયણ

- રાજેન્દ્રકુમાર એસ. કાછીયા (વાસણા-અમદાવાદ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૦-૦૦	શ્રી રેખાબેન ભરતભાઈ પટેલ આઈ.ટી.માં એડમીશન મળવા નિમિત્તે	સોજાવાળા
૧૦૧-૦૦	શ્રી રાહુલ રવજીભાઈ જીયાણી જન્મદિન પ્રસંગે	અમદાવાદ
૧૧૧-૦૦	શ્રી અમૃતલાલ મગનલાલ મોદી ચારધામ યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ ભૂલાભાઈ પટેલ ચિ. પરાગ અને સંગીતાના લગ્ન પ્રસંગે	કનીપુર
૧૦૧-૦૦	શ્રી પરાગભાઈ ઘનશ્યામભાઈ પટેલ હેતલબેન માટે નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે	(યુ.કે.) કનીપુર
૧૦૧-૦૦	શ્રી સાકરબેન નટવરભાઈ પટેલ ચિ. નૅલેશભાઈ (સરપંચ)ને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી રમેશચંદ્ર મોદી ચિ. કલ્પેશ આઈ.ટી.આઈ. મિકેનિકલ એન્જી.માં ફ્રસ્ટકાએ પાસ થવા નિમિત્તે	મહેસાણા
૧૦૧-૦૦	શ્રી વિઠ્ઠલભાઈ દેવચંદભાઈ નવી ગાડી લીધી તે નિમિત્તે	લાલોડા
૧૦૧-૦૦	શ્રી અનીલભાઈ અમથલાલ મહેતા ચિ. નિખિલને બરોડા એડમીશન મળ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી બળદેવભાઈ કેશવલાલ પટેલ નવું એકટીવા લીધું તે નિમિત્તે	સોજાવાળા
૧૦૧-૦૦	શ્રી વૈશાલીબેન ધર્મેન્દ્રભાઈ પટેલ સ્કુલમાં નોકરી મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી લક્ષ્મણભાઈ કરમણભાઈ ચાવડા પવન ઓટો સેન્ટરના ઉદ્‌ઘાટન નિમિત્તે	રામપરા (સુરેન્દ્રનગર)
૧૫૧-૦૦	અ.નિ. ચંદનબહેન પ્રાણજીવનદાસ ગજજર તેમના સ્મરણાર્થે	ધ્રાંગધ્રાવાળા
૧૦૧-૦૦	શ્રી ભરતભઈ કે. ચૌહાણ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મનોરમાબેન પિયુષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સંતરામપુર
૧૦૧-૦૦	શ્રી અજમલભાઈ ગણેશભાઈ પરમાર ચિ. વિક્રમસિંહને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	(બળોલવાળા) સુરેન્દ્રનગર
૧૦૧-૦૦	પ્રો. શ્રી હિતેન્દ્રભાઈ એન. પટેલ અસ્મિતાબેન અને વેણુગોપાલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૦-૦૦	શ્રી ભલાભાઈ જુગાભાઈ પટેલના સ્મરણાર્થે	નાંદોલ
૧૦૧-૦૦	શ્રી સોમાભાઈ લખુદાસ પટેલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	વિજાપુર
૧૦૧-૦૦	શ્રી ડૉ. બંકિમ એમ. મોદી તેજસ સર્જિકલ હોસ્પિટલ શ્રીજી પ્રસન્નાર્થે	કુકરવાડા
૧૦૧-૦૦	શ્રી રમણલાલ ચિમનલાલ મોદી ચિ. ચિરાગના જન્મ દિવસ નિમિત્તે	હિંમતનગર
૧૦૧-૦૦	શ્રી શૈલેષકુમાર અમૃતલાલ મોદી પુત્ર જન્મ પ્રસંગે	પ્રાંતીજ
૧૦૧-૦૦	શ્રી કૌશિકકુમાર કચરાભાઈ પટેલ ગણેશ પ્રોવીઝન એન્ડ જનરલ સ્ટોર્સના ઉદ્‌ઘાટન પ્રસંગે	બોપલ
૧૦૧-૦૦	શ્રી નિલેશકુમાર ભીખાલાલ ભાવસાર સહપરિવાર કેનેડા પ્રવાસ નિમિત્તે	(સ્વા. મુદ્રણ મંદિર વાડજ)
૧૦૫-૦૦	શ્રી તુલસી કુંવરજી ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	અંધેરી (ઈસ્ટ)
૧૦૦-૦૦	શ્રી રમેશભાઈ ભવાનભાઈ પટેલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી જશોદાબેન જયંતીલાલ ભાવસાર જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી જશોદાબેન જયંતીલાલ ભાવસાર હોન્ડા સીટી ગાડી લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી હરિકૃષ્ણ દક્ષેશભાઈ કા.પ. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે	ભાયંદર
૧૦૧-૦૦	શ્રી જીગર ગોવિંદભાઈ કાછીયા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે	કોઠંબા
૧૦૦-૦૦	શ્રી લાલજીભાઈ ગણેશદાસ પટેલ તેમના ભત્રીજા ચિ. સંદિપના જન્મ દિવસ પ્રસંગે	ભાઉપુરા
૧૦૧-૦૦	શ્રી અલ્પેશકુમાર સેવંતીલાલ ભાવસાર નવુ સીડી ડીલક્ષ હોન્ડા લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી શ્રેયસભાઈ કાંતિભાઈ મહેતા (એડવોકેટ) શ્રીજી પ્રસન્નાર્થે	મોડાસા
૧૦૧-૦૦	શ્રી મોહનભાઈ મુરજીભાઈ રાઠોડ ચિ. રાકેશના જન્મદિન પ્રસંગે	પાર્લા-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી કૌશિક વાલજીભાઈ રાઠોડ જન્મ દિવસ પ્રસંગે	અંધેરી (જીરાગઢવાળા)
૧૦૧-૦૦	શ્રી વાલજીભાઈ મુળજીભાઈ રાઠોડ પ.પૂ. મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે	અંધેરી
૧૦૧-૦૦	શ્રી દિપકકુમાર દશરથલાલ મોદી નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	પ્રાંતીજ

૧૦૧-૦૦ શ્રી હેજ હર્ષદભાઈ જન્મદિન પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦ શ્રી વાસુદેવભાઈ શાંતિલાલની પૌત્રી હિનલ ચંદ્રેશભાઈના જન્મ દિન પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦ શ્રી પ્રેમીલાબેન બાબુલાલ પટેલ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સ પ્રસંગે	મોરબી
૧૦૦-૦૦ શ્રી ભક્તિભાઈ રામાભાઈ પટેલ 'દુર્ગા જ્વેલર્સ' શોરૂમ ચાલુ કર્યો તે નિમિત્તે	કુકરવાડા
૧૦૧-૦૦ શ્રી પરસોત્તમ હીરાભાઈ મોરી પુત્ર જન્મ પ્રસંગે	કાલીયાણા
૨૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ દલપતભાઈ તારપરા નવી દુકાન લીધી તે નિમિત્તે	બાપુનગર
૧૧૧-૦૦ શ્રી જનકભાઈ મનહરભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૧૧-૦૦ શ્રી જનકભાઈ મનહરભાઈ પટેલ કોમ્પ્યુટર લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી અમિતભાઈ શાહ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૨૦૧-૦૦ શ્રી મુકેશકુમાર કાંતિલાલ પટેલ જન્મ દિવસ પ્રસંગે	કલોલ
૧૫૧-૦૦ શ્રી મનીષાબેન નટવરભાઈ પટેલ સ્કુલમાં નોકરી મળી તે નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦ શ્રી બટુકભાઈ માવજીભાઈ પ્રજાપતિ શ્રીજી પ્રસન્નાર્થે	બાવળા
૧૦૧-૦૦ શ્રી ગીતાબેન પંકજકુમાર માંડલીયા ચિ. શ્લોકના જન્મદિન પ્રસંગે	મણીનગર
૧૦૧-૦૦ શ્રી અરજણભાઈ ગોવાભાઈ મોરી ચારધામ યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ કરી તે નિમિત્તે	કાલીયાણા
૧૦૨-૦૦ શ્રી દાનુભાઈ ડાહ્યાભાઈ અને કમળાબેન ડાહ્યાભાઈ ચારધામ યાત્રા નિમિત્તે	કાલીયાણા
૧૦૧-૦૦ શ્રી જીયા દિનેશભાઈ ચૌધરી સાકરતુલા નિમિત્તે	પ્રતાપપુરા
૨૫૧-૦૦ શ્રી રશ્મિન બંસીભાઈ પટેલ ચિ. શુભના જન્મ દિન પ્રસંગે	બારેજા
૧૦૧-૦૦ શ્રી અભિષેકકુમાર કાંતિલાલ જાકાસણીયા જન્મ દિન પ્રસંગે	જેતપર-મચ્છુ
૧૦૦-૦૦ શ્રી જાદવ સંદિપસિંહ નાનુભાઈ ધો.-૧૨ પાસ કર્યું તે નિમિત્તે	સુરેન્દ્રનગર
૧૦૦-૦૦ શ્રી જાદવ પિયુષ નાનુભાઈ ધો.-૧૦ પાસ કર્યું તે નિમિત્તે	સુરેન્દ્રનગર
૧૦૦-૦૦ શ્રી વાસુદેવ ચિમનલાલ ઠક્કર નવું કોમ્પ્યુટર લીધું તે નિમિત્તે	કઠલાલ
૧૦૧-૦૦ શ્રી ઉમેશભાઈ શંકરભાઈ પટેલ લગ્ન પ્રસંગે	જરવલા
૧૦૧-૦૦ શ્રી શૈલેષભાઈ શકરાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ધનસુરા
૧૦૧-૦૦ શ્રી જીતેન્દ્રકુમાર વલ્લભભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રાયણીયા
૧૦૧-૦૦ શ્રી સંજયકુમાર ગોવિંદભાઈ પટેલ પગાર વધ્યો તે નિમિત્તે	ઈટાદરા

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ કાલુપુરશ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરગોવિંદદાસજી તા. ૪-૯-૨૦૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા બદ્રિનારાયણધામમાં અક્ષરનિવાસી થયા છે. જેમના અક્ષરવાસથી સંત સમાજમાં એક વિદ્વાન સંતની મોટી ખોટ પડી છે.

અમદાવાદ : શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સક્રિય સભ્ય પ.ભ. મધુસુદનભાઈ પટેલના માતુશ્રી પ.ભ. ચંપાબા તા. ૧૩-૯-૨૦૦૫ના શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

લસુન્દ્રા : પ.ભ. ડૉ. અંબાલાલ રામદાસ પટેલ તા. ૨૧-૯-૨૦૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

હિંમતનગર : શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સક્રિય સભ્ય પ.ભ. જીતેન્દ્રકુમાર રાવળના ધર્મપત્નિ યુવાન વયે તા. ૩૦-૯-૨૦૦૫ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ-નરોડા : પ.ભ. નિરંજનભાઈ વિનાયકભાઈ ઈનામદારના માતુશ્રી સવિતાબેન તા. ૨૧-૯-૨૦૦૫ના રોજ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ગાંધીધામ-કચ્છ : પ.ભ. હીરાલાલ છગનલાલ મીરાણી તા. ૨૬-૮-૨૦૦૫ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. **અમદાવાદ** : પ.ભ. શનાભાઈ લલ્લુભાઈ પટેલ (પ્રિમીયર હાઈસ્કુલ સંચાલક)ના પુત્ર પ.ભ. મહેન્દ્રભાઈ શનાભાઈ પટેલ અને પ.ભ. હરિશભાઈના ધર્મપત્નિ અ.સૌ. શર્મિષ્ઠાબેન તા. ૧૨-૧૦-૨૦૦૫ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.



નારણઘાટ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં શરદોત્સવ પ્રસંગે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.લાલજી મહારાજશ્રી આરતી ઉતારી રહ્યાં છે. સાથે સંત-હરિભક્તો આરતી દર્શનનો લાભ લઈ રહ્યાં છે.



જયપુર(રાજ.) આપણા
શ્રી સ્વામિનારાયણ મંદિર
દર્શન આપતા
શ્રી રાધાકૃષ્ણદેવ
શ્રી હરિકૃષ્ણ મહારાજ



વિજયા દશમીના કાંકરિયા
નવનિર્માણ
શ્રી સ્વામિનારાયણ મંદિર
મુખ્ય શિખરની શિલાઓન
પૂજનવિધિ કરતાં
પ.પૂ.ધ.ધુ.આચાર્ય
મહારાજશ્રી





સેટેલાઈટ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આયોજીત ભજન સંધ્યામાં પધારેલા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રીને શ્રી મુકેશભાઈ અને શ્રી મનોજભાઈ સુવર્ણમાળા અર્પણ કરી રહ્યા છે.



જયપુર મંદિરમાં સભાને સંબોધન કરતાં ગૃહમંત્રી શ્રી લાભચંદ કટારીયા (રાજ.સરકાર)



જયપુર (રાજ.)મંદિરમાં પાટોત્સવના યજમાન પ.ભ. મનુભાઈ એમ. પટેલ નું સ્વાગત કરતાં મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે સંપ્રદાયના વિદ્વાન કથાકાર શા.સ્વામી હરિકેશવદાસજી દ્વારા પ્રકાશીત પુસ્તિકાનું વિમોચન કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



વિજયા દશમી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના 33 માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ.લાલજી મહારાજશ્રી આશીર્વાદ આપતાં



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે સંપ્રદાયના વિદ્વાન સંતો તથા અગ્રગણ્ય હરિભક્તો પ.પૂ.મહારાજશ્રીની આરતી ઉતારી રહ્યા છે.



શ્રી સ્વામિનારાયણ મંદિર બદ્રિનાથધામમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતાં પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને વિશાળ સંખ્યામાં દર્શનનો લાભ લેતાં હરિભક્તો

raful Kha'rsani